સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# બાંગ્લાદેશમાં ફરી હિંસા : શૂટ એટ સાઈટના ઓર્ડર

## ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામેના ચુકાદા પૂર્વે ભયાનક તોફાનો ફાટી નિકળતા ભારે અરાજકતા

**૧૨ સ્થળોએ બોંબ ધડાકા : ઢાકા સહિત અનેક શહેરોમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં**

ઢાકા, તા. ૧૭

બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામેના ચુકાદા પૂર્વે આજે પાટનગર ઢાકા સહિતના શહેરોમાં ભયાનક હિંસા ફાટી નીકળી હતી જેને પગલે શુટ એટ સાઈટના ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા. તોફાન-હિંસા દરમ્યાન શ્રેણીબદ્ધ બોંબધડાકા પણ થયા હતા. ભય-દહેશતનો માહોલ સર્જાયો હતો.

બાંગ્લાદેશમાં સતા પરિવર્તન સર્જનારી હિંસાને હજુ માંડ એક વર્ષ થયુ છે. ત્યાં આજે ફરી ભયાનક તોફાનો ફાટી નીકળ્યા હતા. ભુતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામેના કેસમાં આજે ટ્રીબ્યુનલનો ચુકાદો છે તે પુર્વે જ તોફાનો શરૂ થઈ ગયા હતા.

ઢાકામાં અનેક સ્થળોએ ક્રુડ બોંબના ધડાકા ઉપરાંત સુરક્ષા જવાનો તથા દેખાવકારો વચ્ચે ઠેકઠેકાણે અથડામણ થઈ હતી જેને પગલે શુટ સાઈટના ઓર્ડર જારી કરી દેવામાં આવ્યા હતા. બોંબ ધડાકામાં જાન્યુઆરીની વિગતો જાહેર થઈ નથી પરંતુ સમગ્ર પાટનગર ધ્રુજી ઉઠયુ હતું અને હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.પાટનગર ઢાકા ઉપરાંત દેશના અન્ય અમુક શહેરોમાં પણ બોંબ બ્લાસ્ટ તથા વાહનો-ઈમારતોમાં આગજનીનાં બનાવો બન્યા હતા. વચગાળાની સરકારના સલાહકાર સૈયદ રિઝવાનનાં નિવાસસ્થાનની બહાર પણ બે બોંમ ધડાકા થયા હતા.આ સિવાય પોલીસ સ્ટેશન સંકુલમાં પાર્ક કરાયેલી બસો સહિતના વાહનો સળગાવી દેવામાં આવ્યા હતા.તેમા કચરા ડમ્પીંગ સ્થળમાં પણ આગ લગાડવામાં આવી હતી.મેટ્રોપોલીટન પોલીસવડા સજાન અલીએ તોફાનીઓ દેખાવકારો પર ગોળી ચલાવવાનો આદેશ આપ્યો હતો. હિંસા તથા પોલીસની કામગીરીને પગલે દેશમાં ફરી અરાજકતા સર્જાવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં ગત વર્ષે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીના સામે આંદોલન થયુ હતું. અને જોતજોતામાં હિંસક બની ગયુ હતું. જેને પગલે શેખ હસીના પદભ્રષ્ટ થયા હતા. તેઓ ગુપચુપ ભારત આવી ગયા હતા અને ભારતમાં આશરો લીધો હતો ૧૫ જુલાઈથી ઓગસ્ટ દરમ્યાન આ હિંસામાં ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા.

અનુસંધાન પાના ૭ પર



**દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટ કેસ**

# અલ ફતાહ યુનિ.ના ચેરમેન જાવેદ સીદ્દીકીને પુછપરછ માટે સમન્સ

**ડો. ઉમર નબી આઈ ૨૦ કારમાં ૫૦ થી વધુ સીસીટીવી કેમેરેમાં કેદ**

નવી દિલ્હી, તા. ૧૭

૧૦ નવેમ્બરના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે ચાંદની ચોકમાં હ્યુન્ડાઇ i૨૦ કારમાં થયેલો વિસ્ફોટ એક આત્મઘાતી હુમલો હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ રવિવારે પુષ્ટિ કરી કે ડૉ. ઉમર ઉલ નબી, એક આત્મઘાતી બોમ્બર(સુસાઇડ બોમ્બર) હતો. સુરક્ષા એજન્સી દ્વારા આ પહેલી સત્તાવાર પુષ્ટિ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર સુરક્ષા એજન્સીઓ હવે ઉમરની સમગ્ર હિલચાલને ફરીથી બનાવવાની તૈયારી કરી રહી છે. આ કરવા માટે તેઓ વિસ્ફોટ પહેલા આતંકવાદીનો સંપૂર્ણ રૂટ મેપ તૈયાર કરશે. આમાં વિસ્ફોટ પહેલા તેણે ક્યારે અને ક્યાં મુસાફરી કરી હતી તે શામેલ હશે.

૫૦થી વધુ સીસીટીવી કેમેરા દ્વારા કેદ કરાયેલ ૨૦ કારના ફૂટેજના આધારે રૂટ મેપ બનાવવામાં આવશે. આનાથી નક્કી થશે કે કોઈ ઉમરને ફરીદાબાદથી દિલ્હી સુધી મળ્યું, તેને ફોલો કર્યો કે તેની મદદ કરી. સૂત્રએ જણાવ્યું હતું કે ઉમરે NCRમાં કેટલા કલાકો વિતાવ્યા તે સમજવા માટે બધા બિંદુઓને જોડવા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટોની તપાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે (૧૭ નવેમ્બર) ફરીદાબાદમાં છે. તેઓ સૂરજકુંડમાં ઉત્તરીય ઝોનલ કાઉન્સિલની ૩૨મી બેઠકની અધ્યક્ષતા કરશે. તેમના આગમન પર, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ તેમનું સ્વાગત કર્યું.

આ બેઠકમાં છ રાજ્યોના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો અને સુરક્ષા અધિકારીઓ હાજરી આપશે.

અનુસંધાન પાના ૭ પર

# ઉઘડતા બજારમાં તેજીનો પવન સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટ વધ્યો

**ભારતીય બજારોમાં ટ્રેડિંગની મજબૂત શરૂઆત**

નવી દિલ્હી, તા. ૧૭

મુંબઈ. સોમવારે ટ્રેડિંગ સત્રમાં ભારતીય શેરબજાર મજબૂત વધારા સાથે ખુલ્યું. સવારે ૯:૩૪ વાગ્યે, સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા વધીને ૮૪,૮૨૩ પર અને નિફ્ટી ૬૪ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૨૫,૯૭૪ પર બંધ રહ્યો. શરૂઆતમાં, ઊર્જા, FMCG અને રિયલ્ટી શેરો બજારમાં તેજીનું નેતૃત્વ કરતા હતા. ઓટો, જે બેંકો, નાણાકીય સેવાઓ, ફાર્મા, મેટલ્સ અને ખાનગી બેંકો પણ લીલા રંગમાં હતા. ફક્ત IT ઈન્ડેક્સ લાલ રંગમાં હતો. લાર્જ-કેપ્સની સાથે, મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સ પણ લીલા રંગમાં રહ્યા. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૩૩૬ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૬૧,૦૭૫ પર અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૧૧૧ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા વધીને ૧૮,૩૬૬ પર બંધ રહ્યો.

બેન્કિંગ શેરોમાં તેજીને કારણે નિફ્ટી બેન્ક ૫૮,૯૭૭ ની નવી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી.

સેન્સેક્સ પેકમાં કોટક મહિન્દ્રા, NTPC, ભારતી એરટેલ, SBI, એક્સિસ બેન્ક, L&T, M&M, ટાઇટન, બજાજ ફાઇનાન્સ, ITC, સન ફાર્મા અને ટેક મહિન્દ્રા વધ્યા હતા. ઈટરનલ (ઝોમેટો), TCS, ઈન્ફોસિસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ અને HCL ટેક ઘટ્યા હતા.

ચોઈસ બ્રોકિંગના મતે,

અનુસંધાન પાના ૭ પર

# મક્કામાં ટેન્કર સાથે બસ અથડાતા ઉમરાહ કરવા ગયેલા ૪૨ ભારતીયોનાં મોત

**ઓઈલ ટેન્કર સાથે ટક્કર બાદ બસમાં આગ : તમામ મૃતકો હૈદરાબાદના હોવાનું જાહેર કરાયું**

રીયાધ, તા. ૧૭

આ વર્ષે સાઉદી અરેબીયાએ 'ઉમરાહ' કરવા ગયેલા ભારતીયોને લઈ જતી એક બસ તથા એક ઓઈલ ટેન્કર વચ્ચે થયેલા અકસ્માતમાં ઓછામાં ઓછા ૪૨ ભારતીયોના મૃત્યુ થયા છે અને અનેક ઘાયલ થયા છે.

જેમાં મોટાભાગના તેલંગાણાના પાટનગર હૈદરાબાદના હોવાનું જાહેર થયુ છે. ભારતીય દૂતાવાસે આપેલી માહિતી મુજબ આ બસ મકકાથી મદીના જઈ રહી હતી અને તે સમયે એક ઓઈલ ટેન્કર સાથે અથડાતા બસ ભીષણ આગમાં લપેટાઈ ગઈ હતી.

આ બસના મુસાફરો હૈદરાબાદ સ્થિત એક ટ્રાવેલ એજન્ટે બુક કરાવી હતી. આ અંગે કેન્દ્ર સરકાર ભારતીય દૂતાવાસના અધિકારીઓને દુર્ઘટના સ્થળે રવાના કર્યા છે અને

મૃતકોના પરિવારનો પણ આંધ્ર, તામિલનાડુ સરકારે સંપર્ક કર્યો છે.

# ગુજરાતમાં જામતો શિયાળો નલિયામાં ૧૦.૮ ડીગ્રી તાપમાન

**શિત લહેરને પગલે અનેક જિલ્લામાં તાપમાનનો પારો ગગડયો**

અમદાવાદ, તા. ૧૭

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ફુંકાઇ રહેલા ઉત્તર-પૂર્વનાં પવનોનાં કારણે ગઈકાલથી ઠેર ઠેર ઠંડીનો પારો ગગડવા લાગ્યો છે અને શિત લહેરો વચ્ચે ઠારનો અનુભવ થવા લાગ્યો છે. ખાસ કરીને આજરોજ સવારે નલિયા અને અમરેલી ખાતે તિવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. નલિયામાં ચાલુ સિઝનમાં પ્રથમવાર ૧૦.૮ ડિગ્રી અને અમરેલી ખાતે ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીની શરૂઆત થવા પામેલ છે. ત્યારે અમરેલીમાં આજે સૌ પ્રથમ વખત તાપમાન ૧૧-૪ ડિગ્રી જેટલું નીચે આવી જતાં લોકોએ પ્રથમ વખત આજે ચાલું શિયાળામાં ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

આજે સવાર સવારમાં બાળકો તથા યુવાનો સ્કૂલ કોલેજ જતા હતાં ત્યારે આજની ગુલાબી ઠંડીમાં નવા નવા રંગબેરંગી ગરમ કપડાં પહેરી સ્કૂલ જવા જોતાં મળ્યા હતા. તો બીજી તરફ સવારે મૉર્નિંગ વોકમાં નીકળેલા લોકોએ પણ શિયાળાની પ્રથમ ઠંડીની મોજ માણતા જોવા મળ્યા હતા.

આજની તારીખે અમરેલીનું

અનુસંધાન પાના ૭ પર

# વિદેશમંત્રી એસ.જયશંકર કતાર પછી રશિયાની મુલાકાતે પહોંચ્યા

**રશિયાના વિદેશમંત્રી લવરોવ સાથે એસ.જયશંકર દ્વીક્ષીય બેઠક કરશે**



નવી દિલ્હી, તા. ૧૭

નવી દિલ્હી. ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર રશિયા પહોંચ્યા છે. સોમવારે, તેઓ મોસ્કોમાં રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ સાથે મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન, બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગ અને આગામી તમામ રાજકીય ઘટનાઓની સમીક્ષા કરશે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ડિસેમ્બરમાં ભારતની મુલાકાતે આવવાના છે. રશિયાની તેમની મુલાકાત પહેલા, ભારતીય વિદેશ મંત્રી દોહામાં હતા, જ્યાં તેમણે કતારના વડા પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલરહેમાન બિન જાસિમ અલ થાની સાથે મુલાકાત કરી. રશિયન વિદેશ મંત્રાલયે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં આ બેઠકની જાહેરાત કરી હતી, જેમાં જણાવ્યું હતું કે બંને દેશોના મંત્રીઓ આગામી રાજકીય ઘટનાઓ તેમજ મુખ્ય દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

શાંઘાઈ સહકાર સંગઠન (SCO) ના રાજ્ય વડાઓની પરિષદની બેઠક ૧૭-૧૮ નવેમ્બરના રોજ યોજાવાની છે. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ જણાવ્યું હતું કે એસ. જયશંકર આ બેઠક માટે સત્તાવાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરીને મોસ્કો પહોંચશે.

તેમણે જણાવ્યું હતું કે જયશંકર અને લવરોવ વચ્ચેની મુલાકાત ભારત-રશિયા સંબંધોની વર્તમાન સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને રાજકીય સહયોગ માટે ભવિષ્યના માર્ગો નક્કી કરશે. તેઓ SCO,

અનુસંધાન પાના ૭ પર

# ભોપાલ અને ઈન્દોરમાં ઠંડીએ છેલ્લા ૮૪ વર્ષનો રેકોર્ડ તોડયો

**૪.૩ ડીગ્રી તાપમાન સાથે રાજસ્થાનનું સીકર સૌતી ઠંડુ**

નવી દિલ્હી, તા. ૧૭

ઉત્તર ભારતમાં ભારે ઠંડી પડી રહી છે. રવિવારે રાજસ્થાનમાં દિવસ અને રાત્રિના તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રીનો ઘટાડો થયો હતો. રાજયભરના ૧૬ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. મોટાભાગના શહેરોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ૬ ડિગ્રી ઓછું હતું. ૪.૩ ડિગ્રી તાપમાન સાથે સીકર સૌથી ઠંડુ રહ્યું હતું.

મધ્યપ્રદેશના ભોપાલ અને ઈન્દોરમાં લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી નોંધાયું હતું. આ ૮૪ વર્ષમાં નવેમ્બરનું સૌથી નીચું તાપમાન છે. ભોપાલમાં, ૨૪ કલાકમાં પારો ૧.૬ ડિગ્રી ઘટીને સામાન્ય કરતાં ૯.૨ ડિગ્રી નીચે રહ્યો, જ્યારે ઈન્દોરમાં લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી નોંધાયું.આ દરમિયાન, રવિવારે દિલ્હીમાં ઠંડીએ નવેમ્બર મહિનાનો ત્રણ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો. લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૪.૫ ડિગ્રી ઓછું છે. જોકે હજુ સુધી કોલ્ડવેવ જાહેર કરવામાં આવ્યું નથી, હવામાન વિભાગે કહ્યું છે કે જો સોમવારે સતત બીજા દિવસે બે કે તેથી વધુ હવામાન મથકો માપદંડોને પૂર્ણ કરે છે, તો કોલ્ડવેવ જાહેર કરવામાં આવશે.ઉત્તર ભારતમાંથી ફૂંકાતા ઉત્તરીય પવનોએ રાજસ્થાનમાં ઠંડીમાં વધારો કર્યો છે. જયપુર હવામાન

અનુસંધાન પાના ૭ પર

# મુખ્યમંત્રી તરીકે તા. ૨૦મીએ નીતિશનો શપથ ગ્રહણ સમારંભ

**બિહાર સરકારમાં ભાજપ અને જનતાદળ યુના ૧૬-૧૬ મંત્રીઓ શપથ લેશે**

નવી દિલ્હી, તા. ૧૭

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ, નવી સરકાર બનાવવાની પ્રક્રિયા ઝડપી બની છે. ભાજપ અને જેડીયુના મંત્રીઓની સંખ્યા લગભગ ૧૬-૧૬ હશે. એલજેપી (આર) પાસે બે મંત્રી હશે, જ્યારે એચએએમ અને આરએલએસપી પાસે ૧-૧ મંત્રી હશે.નીતિશ કુમાર ૨૦ નવેમ્બરના રોજ ગાંધી મેદાનમાં ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ગાંધી મેદાનમાં તૈયારીઓ ચાલી રહી છે. શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને ત્નઙ્ઘેં ધારાસભ્ય દળની એક મહત્વપૂર્ણ બેઠક પણ બોલાવવામાં આવી છે. આ બેઠકમાં બધા ધારાસભ્યો હાજરી આપશે.

આ દરમિયાન, પટનાથી દિલ્હી સુધી સરકાર રચવાની કવાયત ચાલુ રહી. દિલ્હીમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી. મુદ્દો બિહારમાં સરકારની રચના, મંત્રીમંડળની રચના અને તેનો ચહેરો હતો.

આ દરમિયાન, ભાજપના નેતાઓએ પટણામાં મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી. LJP (R), HAM અને RLMO ના નેતાઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી. દ્ગડ્ઢછ ના ઘટક પક્ષો (JDU, BJP, LJP (R), HAM y™u RLMO) પહેલા તેમના ધારાસભ્ય દળના નેતાઓની પસંદગી કરશે, અને ત્યારબાદ NDA ધારાસભ્ય પક્ષની સંયુક્ત બેઠકમાં નીતિશ કુમારને નેતા તરીકે

અનુસંધાન પાના ૭ પર

# બિહાર સરકારના ગઠન અંગે દિલ્હીમાં સતત બેઠકોનો દૌર

**નાયબ મુખ્યમંત્રી પદ માટે ચિરાગ પાસવાનનું નામ પણ ચર્ચામાં**

પટણા, તા. ૧૭

બિહારમાં નીતીશકુમારના નેતૃત્વ હેઠળની નવી સરકારની રચનામાં હવે નાયબ મુખ્યમંત્રી પદ માટે જબરી ખેંચતાણ છે. હાલના બે નાયબ મુખ્યમંત્રીની ફોર્મ્યુલા યથાવત રહેશે કે એક જ નાયબ મુખ્યમંત્રી હશે તે ચર્ચા છે.હાલના ડે. સીએમમાં સમ્રાટ ચૌધરીને ફરી આ પદે બેસાડાય અને એક પદ માટે મહિલાને પસંદ કરાય તેવી શકયતા છે તો વર્તમાન નાયબ મુખ્યમંત્રી વિજયકુમાર સિંહાને વિધાનસભા અધ્યક્ષપદ પણ અપાઈ શકે છે.સૂત્રોના જણાવ્યા મુજબ લાંબા ગાળે



બિહારનાજ રાજકારણમાં રસ ધરાવતા ચિરાગ પાસવાન ખુદ નાયબ મુખ્યમંત્રી બનવા આતુર છે. જો કે એક નામ રામદયાલ યાદવનું પણ છે. સમ્રાટ ચૌધરી ૧.૨૨ લાખ મતે ચુંટણી જીત્યા છે.અગાઉ અમિત શાહે જે સમ્રાટ ચૌધરીને 'મોટો-માણસ' બનાવવા ખાતરી આપી હતી. રામદયાલ યાદવએ ભાજપને માટે યાદવ વોટબેન્ક બનાવી શકે છે અને જો મહિલાનું નામ આવે તો આ નામમાંથી એકનું પતું કપાશે.

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો

તથા સુરત જિલ્લા માટે




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# સુરતમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'નું લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

## શહેરની સુરક્ષા વ્યવસ્થાને ટેક્નોલોજી સાથે વધુ મજબૂત બનાવવાની દિશામા પગલું

સુરત, તા.૧૭

સુરત શહેરને વધુ સુરક્ષિત અને પીપલ સેન્ટ્રીક બનાવવા એક મહત્ત્વપૂર્ણ પગલાના ભાગરૂપે સુરત પોલીસ કમિશનર કચેરી ખાતે CCTV- કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'નું નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. શહેર પોલીસ દ્વારા જનભાગીદારી અને આધુનિક ટેક્નોલોજીના સંયોજનથી તૈયાર કરાયેલ આ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર શહેરના સર્વેલન્સ નેટવર્કને વધુ અસરકારક બનાવશે.

સુરત પોલીસના હાલના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમને સેન્ટ્રલાઈઝ કરીને 'નેત્રમ'ની રચના કરવામાં આવી છે. અહી બોડી વોર્ન (Body Wron) ૩ કેમેરાનું લાઈવ મોનિટરીંગ કરવાની સુવિધા સજ્જ કરાઈ છે. કંટ્રોલ રૂમના તમામ વોલ્સ તથા ડિસ્પ્લે સિસ્ટમનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે, જેથી શહેરના વિવિધ વિસ્તારોનું વધુ સ્પષ્ટ અને રિયલટાઈમ મોનિટરીંગ શક્ય બન્યું છે.

શહેર પોલીસને કુલ ૧૪૬૦ CCTV કેમેરા ફાળવવામાં આવ્યા છે, જેમાંથી ૧૩૩૩ કેમેરા ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે, અને તેમાંનાં હાલ ૭૦૯ કેમેરા કાર્યરત છે. આ કેમેરા શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને સંવેદનશીલ ઝોનમાં લગાવવામાં આવ્યા છે, જેના થકી સલામતી વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત થશે.



# સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિએ લિંબાયત વિધાનસભાની એકતા પદયાત્રા

## સરદાર સાહેબના આદર્શો, એકતા અને અખંડિતતાનો સંદેશ આજે પણ આપણા સૌ માટે પ્રેરણારૂપઃ ધારાસભ્ય સંગીતાબેન પાટીલ

સુરત, તા.૧૭

આઝાદીના મહાન શિલ્પી, લોખંડી પુરુષ અને ભારતના એકીકરણના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના પાવન અવસરે લિંબાયત વિધાનસભાની "સરદાર @૧૫૦ યુનિટી માર્ચ" એકતા પદયાત્રા ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. મહાનુભાવોએ આ શુભ અવસરે સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમને ભાવપૂર્વક વંદન કર્યા હતા.

ધારાસભ્ય સંગીતાબેન પાટીલે આરઝી હકૂમત સૌ સેનાનીઓને વંદન કરી આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણના શપથ લીધા હતા.

તેમણે જણાવ્યું કે, સરદાર સાહેબના આદર્શો, એકતા અને અખંડિતતાનો સંદેશ આજે પણ આપણા સૌ માટે પ્રેરણારૂપ છે. આ પદયાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ રાષ્ટ્રના આ મહાન સપૂતને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક સંકલ્પ છે.

દરેક નાગરિક સમરસતા અને એકતાના ભાવ સાથે વિકસિત ભારતની આ યાત્રામાં સહભાગી બને અને 'સ્વદેશી' અપનાવી દેશના આર્થિક વિકાસમાં પોતાનું યોગદાન આપે તે સમયની માંગ છે એમ શ્રીમતી પાટીલે જણાવ્યું હતું.

ઢોલ-નગારા, ફૂલહાર અને જયઘોષ સાથે ઠેર ઠેર લોકોએ ઉમળકાભેર યાત્રાને આવકારીને સરદાર સાહેબની વિરાસતને યાદ કરી હતી. પદયાત્રામાં અગ્રણી મારુતિસિંહજી અટોદરિયા, સુરત શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ

અનુસંધાન પાના ૭ પર

# બુડીયામાં આવાસ યોજનાનું સંદીપ દેસાઈ દ્વારા ખાતમુહૂર્ત

સુરત, તા.૧૭

ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારના બુડીયા ગામ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ માર્ગદર્શન હેઠળ કનસાડ–સચિન–ઉન–આભવામાં સમાવિષ્ટ વિસ્તાર માટે કુલ રૂ.૬૫૨ લાખના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) PMAY–BLCના ૧૬૩ આવાસ નિર્માણ કાર્યનું ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ખાતમુહૂર્તમાં બુડીયા ગામના રૂ. ૨૫૬ લાખના ખર્ચે ૬૪ આવાસ, ગભેણી ગામ ખાતે રૂ. ૨૦૮ લાખના ખર્ચે ૫૨ આવાસ, ઉન ખાતે રૂ. ૧૭૨ લાખના ખર્ચે ૪૩ આવાસ, જીઆવ ગામ ખાતે રૂ. ૧૬ લાખના ખર્ચે ૪ આવાસ મળીને કુલ રૂપિયા ૬૫૨ લાખના ખર્ચે કુલ ૧૬૩ આવાસોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ, કોર્પોરેટર સર્વશ્રી, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.



# બુલેટ ટ્રેન સ્ટેશન અંત્રોલી પાસે પાંચ ટીપીનું આયોજન

## મ્યુનિ. કમિ. શાલિની અગ્રવાલે વડાપ્રધાન મોદીને નવી ટીપી સ્કીમ અંગે વિસ્તૃત માહિતી આપી

સુરત, તા.૧૭

મ્યુનિસિપલ કમિશનર સુશ્રી શાલિની અગરવાલ, IAS દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબને સુરત HSR સ્ટેશન વિસ્તારના વિકાસકાર્ય અંગે માહિતગાર કરવામાં આવ્યું. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (SUDA) દ્વારા ગુજરાત સરકાર, MoHUA અને JICAના સંકલનથી HSR વિસ્તાર માટે ૫ ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરવામાં આવી રહી છે — અને HSR વિકાસ માટે TP સ્કીમ સ્તરે આ પ્રકારનું આયોજન દેશમાં પ્રથમ વખત કરવામાં આવી રહ્યું છે. માનનીય કમિશ્નરશ્રી દ્વારા માહિતી આપવામાં આવી હતી કે NITI Aayog દ્વારા ગુજરાત સરકારના સંકલનથી Surat Economic Region (SER) માટે ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત Bharat Bazaar, EDU-City, Sustainable Town-ships અને મલ્ટી-મોડલ કનેક્ટિવિટી જેવા મુખ્ય ઘટકોનો સમાવેશ કરીને SER ને Viksit Bharat @2047 માટેનું મહત્વપૂર્ણ Growth Hub તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

# નાયબ કાર્યપાલક ઈજનેર ભુરિયાનું નિવૃત્તિ વિદાયમાન

## વાય.એલ. ભુરિયાનું શાલ ઓઢાડી સન્માન કરાયું



સુરત, તા.૧૭

પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ સુરત ના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી વાય. એલ. ભુરિયાનો વય નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ આજરોજ વિભાગીય કચેરી ના શ્રી કે.કે. પટેલ કાર્યપાલક ઈજનેર સાહેબ ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો. વિદાય સન્માન સમારોહમાં ડૉ. શ્રી શિવેન્દ્ર ગુપ્તા સાહેબ, પૂર્વ કુલપતિ V.N.S.G.U. અને ભૂતપૂર્વ મદદનિશ ઈજનેર R&B ની વિશેષ ઉપસ્થિત, તેમજ વિભાગના સર્વે ના.કા. ઈ. તથા મ.ઈ. ટેક્નિકલ અને વહીવટી કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો અને આમંત્રિત પૂર્વ સાથી કર્મચારી મિત્રોની હાજરીમાં શ્રી વાય. એલ.

અનુસંધાન પાના ૭ પર



# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે યુનિટ માર્ચ

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પદયાત્રામાં ૨૦,૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી નાગરિકો જોડાયા

સુરત, તા.૧૭

દેશની એકતા, અખંડતાનાના પ્રતિક લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મજુરા વિધાનસભા વિસ્તારની 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' પદયાત્રા યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પદયાત્રા શહેરના અટલ ક્લિનીક, બમરોલીથી રત્નદીપ સોસાયટી ખાતે પૂર્ણ થઈ હતી. ૮ કિલોમીટર લાંબી આ પદયાત્રામાં ૨૦,૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી નાગરિકો જોડાયા હતા. 'વંદે માતરમ અને ભારત માતા કી જય' ના નારા સાથે સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો.

સુરતની ઐતિહાસિક ભૂમિ પરથી ઉઠેલો મા ભારતીનો નારો દેશભરમાં ગુંજે તેવી અપેક્ષા વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દેશને એકતાની ડોરમાં બાંધનાર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ કશ્મીરથી કન્યાકુમારી સુધી ધામધૂમપૂર્વક ઉજવાઈ રહી છે. સરદાર પટેલના વિચારો અને દૃઢ સંકલ્પથી જ ભારત આજે એકત્વ અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવામાં સરદાર સાહેબનું યોગદાન અવિસ્મરણીય હોવાનું તેમણે જણાવ્યું હતું.

મજુરા વિસ્તારમાં યોજાયેલી યુનિટી માર્ચ પદયાત્રા અંગે તેઓએ જણાવ્યું હતું કે, મજુરા વિસ્તાર 'મિની ભારત' સમાન છે, જ્યાં વિવિધ સંસ્કૃતિ અને સમુદાયના લોકો એકતાની ભાવના અને વિવિધતામાં એકતા સાથેની ભારતીય ઓળખ સાથે રહે છે. આ પદયાત્રા યુવા પેઢીને સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રને એક બનાવવા કરાયેલા ઐતિહાસિક પ્રયાસો તથા તેમના વિઝન વિશે માહિતગાર કરવાની ક્ષણ છે એમ તેમણે ઉમેર્યું હતું. પદયાત્રા બાદ ઉપસ્થિત સૌએ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી આત્મનિર્ભર ભારત નિર્માણના શપથ લીધા હતા. આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણી, કોર્પોરેટરો, પદાધિકારીઓ, પાલિકાના અધિકારીઓ, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.




# ૧૨ ગામોની શાળાઓમાં ૫૪ ઓરડાઓનું ખાતમુહૂર્ત

## વર્ગખંડોના કામનો આરંભ કરાવતા ધારાસભ્ય મુકેશ પટેલ

સુરત, તા.૧૭

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની પારડીઝાંખરી પ્રાથમિક શાળામાં વિસ્તારનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદ હસ્તે શાળાની નિર્માણ પામનાર નવીન ઈમારતની ખાતમુહૂર્ત વિધિ યોજવામાં આવી હતી. જેની સાથોસાથ તાલુકાનાં અન્ય ગામો ભાદોલ, વેલુક, સેગવાછામા, સોંદલાખારા, કુંકણી, ઓરમા, બરબોધન, માસમા, કોસમ, દિહેણ તથા વડોલીની પ્રાથમિક શાળા મળી રૂપિયા ૧૧.૩૦ કરોડનાં કુલ ૫૪ નવીન ઓરડાનાં નિર્માણ માટેનાં કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગનાં સમગ્ર શિક્ષા અંતર્ગત નિર્માણ પામનાર આ નવીન ઓરડાઓનાં ખાતમુહૂર્ત કાર્યક્રમ પ્રસંગે બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. આ તકે ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન કરી શાળાઓની માળખાગત સુવિધાઓ માટે સરકારશ્રીની તત્પરતા અંગે ગ્રામજનોને અવગત કર્યા હતાં.

કાર્યક્રમનાં અધ્યક્ષ એવાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે શાસ્ત્રોક્ત ખાતમુહૂર્ત વિધિ બાદ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓની અદ્યતન ઉપલબ્ધ સુવિધાઓ સહિત વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટેની યોજનાઓની છણાવટ કરી હતી. તેમણે તાલુકાનાં શિક્ષકોની કામગીરીને બિરદાવી સૌને પોતાનાં બાળકોને સરકારી પ્રાથમિક શાળામાં

અનુસંધાન પાના ૭ પર

# હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝથી સિટી બસનો આરંભ કરતા સંદીપભાઈ દેસાઈ

## સિટી બસ સેવાનો કામદાર વર્ગને સૌથી વધુ લાભ મળશે

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભલેવામાં આવી રહેલ છે.

હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દ્વારા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ સાહેબને કર્મચારી અને કારીગર વર્ગને વાહન વ્યવહારની સમસ્યાના નિવારણ અર્થે સિટીબસ સેવા ચાલુ કરવા રજૂઆત કરવામાં આવેલ. જે અન્વયે મા.ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ ધ્વારા સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ સુધી સીટીલિંકની સીટીબસ રુટ સેવા શરૂ કરવા ભલામણ કરવામાં આવેલ. જેને ધ્યાને લઇ હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ ખાતે મા.ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈની અધ્યક્ષતા હેઠળ જોઈન્ટ સાઈટ વિઝીટનું આયોજન કરવામાં આવેલ. જેમાં જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી સોમનાથભાઈ મરાઠે, ઈ.આસી.મ્યુ.કમી.(સા.ઝો.બી) અને જનરલ મેનેજરશ્રી (O&A-SSL) તથા સીટીલીંક ટીમ ઉપસ્થિત રહેલ. સદર વિઝીટ દરમ્યાન ઉક્ત રજૂઆત અંગેના રૂટની ફીઝીબીલીટી ચેક કરવામાં આવેલ અને મા.ડે.મ્યુ.કમિશ્નરશ્રી (ડે.) અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી (SSL) ધ્વારા સદર રુટ શરુ કરવા અંગેની મંજુરી આપવામાં આવેલ. જે અન્વયે તા.૧૪/૧૧/૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ ખાતે મા.ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ, જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી સોમનાથભાઈ મરાઠે તથા અન્ય સાથી કોર્પોરેટરશ્રીઓ હસમુખભાઈ નાયકા, ચિરાગભાઈ સોલંકી, પિયુષાબેન પટેલ, રીનાબેન સિંઘ અને હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટના આગેવાનોની ઉપસ્થિતમાં ફ્લેગોફ આપી સદર રૂટનું ઉદ્ઘાટન/શુભારંભ કરવામાં આવેલ. સદર સીટીરુટ નં.૨૦૫ H (ચોક ટર્મિનલથી હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ વાયા મજુરાગેટ, સોસ્યો સર્કલ, પાંડેસરા, બામરોલી, પ્રિયંકા ટાઉનશીપ, ઉન ૪ રસ્તા, સચિન) શરુ થયેથી ઉક્ત વિસ્તારના રહેવાસીઓને ધંધાકીય તથા નોકરીયાત વર્ગને જાહેર પરિવહન સેવાનો લાભ મળી રહેશે અને તેઓને ચોક થી હોજીવાલા ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટની સીધી કનેક્ટિવિટી મળી રહેશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.



# વિદ્યાદીપ યુનિવર્સિટી ખાતે પૂર્વ સૈનિકો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૭

ઓલપાડ સ્થિત વિદ્યાદીપ યુનિવર્સિટી ખાતે 'સંવાદ:પૂર્વ સૈનિકો સાથે સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય હેતુ ભારતીય સશસ્ત્ર દળોની સેવા,શૌર્ય અને બલિદાનને સન્માનિત કરવાનો હતો.

આ અવસરે ભારતીય થલસેના, જલસેના અને વાયુસેનાના અધિકારીઓ, ભારત ભારતીના સભ્યો તથા વિદ્યાદીપ યુનિવર્સિટીના વિવિધ કોલેજોના આચાર્યો વચ્ચે રચનાત્મક સંવાદ સત્ર યોજાયું હતું. જેમાં યુન.ના ડૉ. વિપુલ શાસ્ત્રીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં સશસ્ત્ર દળોના મહત્ત્વને ઉજાગર કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રેમ વિકસાવવા અને રાષ્ટ્રીય એકતા મજબૂત કરે તેવા મૂલ્યો અપનાવવા પ્રેરિત કર્યા હતા. સાથે જ રાષ્ટ્રગાન 'વંદે માતરમ' નું સામુહિક પઠન કરાયું હતું.

આ પ્રસંગે ભારતીય જલસેના, વાયુસેના અને થલસેનાના પૂર્વ અધિકારીઓએ યુવાનોને રાષ્ટ્રીય સેવામાં સક્રિય યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા. તેમણે શિસ્ત, જવાબદારી અને રક્ષા દળોમાં યુવાનોની વધતી ભાગીદારીના મહત્ત્વને દર્શાવ્યું હતું. આ ભારત ભારતીના જનરલ સેક્રેટરી જાગૃતિ કલાજી, કેમ્પસ ડિરેક્ટરશ્રી મુકુન્દ પટેલ, પૂર્વ સૈનિકો, માનનીય અગ્રણીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.



# ધી કડોદરા નાગરિક ધિરાણ સહકારી મંડળીને શિલ્ડ અર્પણ

## રાજ્ય સહકારી સંઘ દ્વારા ભીખાભાઈ પટેલનું સન્માન

સુરત, તા.૧૭

કડોદરા તારીખ ૧૭ ધી કડોદરા નાગરિક ધિરાણ સહકારી મંડલી લી. કડોદરા ને શિલ્ડ એનાયત ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ દ્વારા ૨૦૨૪-૨૫ ના વર્ષમાં સુરત/તાપી જિલ્લામાં ઉત્તમ કામગીરી કરનાર શરાફી ધિરાણ મંડલી ઓમા શ્રેષ્ઠ કામગીરી અંગે શિલ્ડ હરીફાઈ યોજાઈ હતી જેમાં ધી કડોદરા નાગરિક ધિરાણ સહકારી મંડલી લી. ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો છે સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજિત તારીખ ૧૪ ૧૧ ૨૦૨૫ ના રોજ ૭૨ માં અખિલ ભારત સહકાર સપ્તાહ કાર્યક્રમ માં સંસ્થાના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ દેસાઈ ડિરેક્ટર શ્રી છોટુભાઈ પટેલ અજય સિંહ દેવધરા જીતેન્દ્ર સિંહ ખરવાસિયા અમૃતભાઈ પટેલ નિમેષભાઈ નાયક શાંતિલાલ પટેલ અશોકભાઈ રાઠોડ અને મેનેજર જયેશ પટેલ નાઓને સુરત જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ ભીખાભાઈ ઝ પટેલ દ્વારા આકર્ષક શિલ્ડ અને પ્રશસિત પત્ર થી તેમજ પ્રમુખ શ્રી ને સુતર ની આંટી અને શાલ ઓઢાડી પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

# આહારથી આરોગ્ય સુધી

## સર્વ પ્રકારના ડાયાબિટીસને મટાડતી શિયાળાની પાવરફુલ વનસ્પતિ....

**ઓગણીસમી સદીની ઔદ્યોગિક ક્રાંતિના કાલખંડમાં ખેતી અને હસ્તશિલ્પ અર્થવ્યવસ્થાઓ ઝડપથી મશીન નિર્માણ પ્રધાન અર્થવ્યવસ્થામાં બદલાઈ ગઈ. આ મશીન નિર્માણ ક્રાંતિ દુનિયાના લગભગ બધા જ ભાગમાં ફેલાઈ ગઈ. આ આર્થિક પરિવર્તન એ કામ કરવાનો અને વસ્તુઓ ઉત્પાદનની બધી જ રીત બદલાઈ ગઈ.**

હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓ મશીનથી ઉત્પાદિત થવા લાગી. આ ઔદ્યોગિક જગત ચલાવવા શ્રમિકોની જરૂર પડી. શ્રમિકો મશીનથી ઉત્પાદીત વસ્તુઓ બનાવવા લાગ્યા. જેથી લોકોને લાગ્યું અમારું કામકાજ સરળ થઈ ગયું છે. મહેનત ઓછી અને ઉત્પાદન વધુ. આ ક્રાંતિએ લોકોનું સ્વાસ્થ્ય છીનવી લીધું. પરિવહનની વ્યવસ્થાએ લોકોનું ચાલવાનું છીનવી લીધું.

લોકો ગામડાઓ છોડી આર્થિક રીતે સધ્ધર થવા શહેરોમાં વસ્યા. જેના કારણે ખેતીવાડીનું સાચું કામકાજ પણ ઔદ્યોગિક રીતે થવા લાગ્યું. ખાતર પણ મશીનોથી અને કેમિકલવાળા બનવા લાગ્યા. ચિકિત્સા ક્ષેત્રે ટેકનોલોજી આવી. દવાઓ કેમિકલથી બનવા લાગી. જેના કારણે પ્રાકૃતિક ઔષધિય પ્રત્યે સુગ પેદા થઈ. આનું પરિણામ અત્યારે આપણે ભોગવી રહ્યા છે. ક્યારેક કોઈ બીમાર પડતું પણ આજે ઘરના દરેક સભ્ય લગભગ માંદા જ છે.

ઔદ્યોગિક વિકાસના કારણે લોકોનો વ્યવહાર બદલાયો. સંબંધોની અવગણના થવા લાગી. સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ આની વ્યાપક અસર થઈ છે. શહેરીકરણ અને કામકાજના કારણે બાહ્ય ભોજન પણ મશીનોના આધારે બનવા લાગ્યા.

હાથથી અને મહેનતથી બનતી વસ્તુઓના કારણે લોકો શારીરિક, માનસિક અને સામાજિક રીતે ખૂબ જ મજબૂત હતા. ઔદ્યોગિક મશીનોએ આ બધું છીનવી લીધું છે. મશીનોથી કામકાજ હવે બદલી શકવાના નથી. આપણે ખાનપાનનો સુધારો અવશ્ય કરી શકીએ છીએ. હજી સુધી બજારમાં સારા ખાદ્ય પદાર્થ ઉપલબ્ધ છે. સ્વાદના ચટાકાનો વિચાર ન કરવો.

સારું સ્વાદિષ્ટ ભોજન બનાવવાની પદ્ધતિ પર ધ્યાન દેવું જરૂરી છે. જેથી નાની સામાન્ય બીમારીને જો શરૂઆતથી રોકી દેવામાં આવે તો મોટી વ્યાધિથી બચી શકાય છે. શરૂઆત લગભગ શરીરમાં ગ્લુકોઝ (સાકર) વધી જવાથી થાય છે. પાચક રસોમાં ખામી ઉત્પન્ન થતાં તે ખરાબ રીતે શરીરમાં અણુઓના સ્ત્રવણ અવરોધે છે. શરીરની તાસીર મુજબ અલગ અલગ રોગોમાં પરિણમે છે. લોકો તરત જ રિપોર્ટ કઢાવી દવાઓનો આશરો લે છે. જેના કારણે ખરાબી દબાઈ જાય છે અને થોડો સમય પછી તે વધુ વકરે છે.

હાલના સમયમાં જોઈએ તો ડાયાબિટીસ ઘણા પ્રકારે શરીરમાં ઘર કરી રહ્યું છે. નોન ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ આ વ્યાધિમાં શારીરિક મહેનત ઓછી હોવાના કારણે સેલમાં ગ્લુકોઝનો ભરાવો થાય છે. સમય રહેતા શારીરિક મહેનત (ચાલવાનું વધારે) કરવાથી આ તકલીફમાં સુધારો જલદી થઈ જાય છે. શરીર ભારે લાગતું હોય તો જલદીથી ચાલવાનો પ્રયોગ વધારી દેવો જોઈએ.





ઈન્સ્યુલીન ડીપેન્ટડેન્ટ ડાયાબિટીસ-સામાન્ય રીતે આ ટાઈપના ડાયાબિટીસ બહુ જ નાની ઉંમરમાં આવી જાય છે. આમાં પેન્ક્રીયાઝના બીટા-સેલ ઘણાં કારણોને લીધે નકામા થઈ જાય છે. આનું કારણ છે કે નાની વયમાં (બાળકોને) જરૂરિયાત કરતા વધુ સાકરનો ખાવામાં વપરાશ. રિફાઈન્ડ તેલથી બનતી ચિપ્સ, આઈસક્રીમ, બિસ્કિટ, હેલ્થ ડ્રિંક, અન્ય બજારૂ વસ્તુઓ. જાતજાતના કોલ્ડ ડ્રિંક, સોડા નાખેલી બજારૂ કે ઘરની આઈટમો. કફની કે શરદીની દવાઓના કારણે આ વ્યાધિ હવે વધુ જણાઈ રહી છે.

ઈન્સ્યુલીન રજિસ્ટેન્ટ ડાયાબિટીસ- આ વ્યાધિમાં બહારથી આવેલા ઈન્સ્યુલીનનો કોઈપણ રિસ્પોન્સ નથી મળતો. હેવી ઈન્સ્યુલીન આપવાથી પણ બ્લડ સુગર વધતું જ જાય છે. ઘણાંને મેં જોયું છે કે તે ત્રીસ યુનિટ સવારના અને ત્રીસ યુનિટ સાંજના લે છે પણ બ્લડ સુગર ત્રણસોની આસપાસ જ રહે છે. ઘણીવાર પગમાં કે હાથમાં સડો થઈ જાય છે તે કાપવા પડે છે. ચામડી સ્પોંજી થઈ જાય છે.

સલયુરેશન ઑફ બોડી સેલ બાય સુગર-(બોડી સેલનું સંતૃપ્તિકરણ) શરીરના કોષો સુગરને (ગ્લુકોઝ)ને ગ્રહણ કરવામાં અસ્વસ્થ છે કારણ કે શરીરમાં સુગરનો સ્ટોક પૂરતો છે. આમાં કોઈ ડાયાબિટીસ નથી પણ ઘણીવાર રક્ત શર્કરાનું પ્રમાણ સામાન્યથી અધિક હોય છે. (પ્રી-ડાયાબિટીસ) આ અવસ્થા ઉપવાસથી જલદી ઠેકાણે આવે છે. ખાનપાન રીફાઈન્ડ થયેલ વસ્તુઓનું ન હોવું જોઈએ.

લેથેરેજી ઑફ બી-સેલ ટુ પ્રોડક્સ ઈન્સ્યુલીન-બી-સેલની સુસ્તીને કારણે ઈન્સ્યુલીનની પ્રતિક્રિયામાં અવરોધ. આ વ્યાધિમાં ગ્લુકોઝ કોશિકામાં નથી જતું તે લોહીમાં રહી જવાને કારણે લોહીમાં સાકરનું પ્રમાણ વધી જાય છે. જેને ટાઈપ-ટુ ડાયાબિટીસ કહેવાય છે. સુસ્તી, થકાવટ આમાં વધુ જણાય છે. આની ટકાવારી લોકોમાં વધુ છે. વજન ઘણુંય વધી જાય છે.

આ તકલીફની સારવાર જો લયબદ્ધ (સારી રીતે) ન કરવામાં આવે તો લાંબે ગાળે હૃદયનો હુમલો, કિડનીનું ડાયાલિસીસ, પગ સડવા, આંખોમાં મોતીયો, કાનમાં સંભળાવાનું ઓછું (કાનમાં મશીન બેસાડવું) વગેરે જીવનભર રહે છે. ધીરે ધીરે શરીર નિષ્ક્રિય થાય પછી અલ્ઝાઈમર અને કંપવાત આવી જાય છે. કોલેસ્ટ્રોલની વ્યાધિ પણ સાથે સાથે વધે. જેના કારણે ગોઠણના ઑપરેશન થવા, પગના તળિયામાં અતિ બળતરા થવી વગેરે.

બહારના ઈન્સ્યુલીન લેવાના કારણે કિડની-ડાયાબિટિસ-ડાયાબિટિસમાં બહારથી ઈન્સ્યુલીન કે મેટફોર્મિન દવાઓ લેવાના કારણે કિડનીના નેફ્રામ અકાર્યક્ષમ થાય છે. યુરિનનું ફિલ્ટરેશન થતું નથી જેના કારણે કિડની ફેલ્યોર કે ડાયાલિસીસ પર જવું પડે છે. કિડનીમાં બોમેન કેપ્સ્યુલનું નાનું સ્ટ્રક્ચર આવેલું છે તેનું બગડી જવું.

ચામડીના ઘણાં દર્દો પણ ઘણીવાર ડાયાબિટીસના કારણે થાય છે. ચામડી કાળી પડવી. લગભગ આ વ્યાધિ આઈસક્રીમ કે ડેઝર્ટ વધુ ખાવાથી થાય છે. આઈસક્રીમ પણ નકલી ઘી, રિફાઈન્ડ તેલ અને સોલ્વન્ટથી બને છે. તેમાં વપરાતા રંગો એ બધા હેવી કેમિકલથી બને છે.

આ શિયાળાની ઋતુમાં મળતી શાકભાજીઓનો ઉપયોગ કરી આ બીમારીને જલદીથી દૂર કરી શકાય છે. લીંબુ, બીજોરાને બાફીને ખાવા (કશું નાખ્યા વગર). પાલક, તાંદળજો ભાજી, ચંદન બથુવા ભાજી, સૂવા ભાજી, ભારંગી ભાજી રસ, લીલું જીરું નાખીને લ્યો. બેબીકોર્ન સાંતળી લો. અલ્કોઝના પાન, બીટના પાન, મૂળા પાન, મેથી ભાજીનો રસનો ઉપયોગ કરવો.

વટાણા, તૂરિયા, ગલકા, પીળા કેપ્સીકમ, દૂધીની છાલ, વગેરેની ચટણીઓ લો. (રાંધેલા શાકભાજી ઓછા લેવા), ચટણીઓ વધુ ખાવ. સફરજન, પેરૂ, પેર, પરપોટાની ચટણી લો. આમળાં, સ્ટાર ફ્રૂટ, કાચા ટમેટાની ચટણી લો.

અન્ય ઘણીય શાકભાજીનો ઉપયોગ ભોજનમાં વ્યવસ્થિત કરો. અનાજ વીસથી ત્રીસ ટકા જેટલું રાખો. વધુ પાંદડાવાળી ભાજીના રસોનો ઉપયોગ કરો. સલાડ લો. સલાડને શાકભાજીની ચટણીથી મેરીનેસન કરી વધુ ખાવ. શક્કરિયાનો ઉપયોગ ખૂબ કરો જે શરીરને મજબૂત બનાવે છે. સુગર જલદી ઓછી કરે છે.

ડાયાબિટીસમાં દવાઓ લેવી, ઈન્સ્યુલીન લેવાની આદતના કારણે રોજ રોજ ડોઝ વધતો જાય છે અને ઘણી બધી એલર્જીક પરિસ્થિતિ ઊભી થાય છે. આંખો અને હાડકાંના સ્નાયુઓને વધુ અસર થાય છે. જેના કારણે વ્યક્તિ શારીરિક રીતે બીજાના આધારે રહેવું પડે છે જે ખૂબ જ દુઃખદાયી છે.

# શરીરને પજવતા ચામડીના હઠીલા રોગ

ચામડી એ આપણા શરીરનું સહુથી મોટામાં મોટું અંગ છે. તે શરીરના હાડકાં, સ્નાયુઓ તેમ જ આંતરિક અંગોનું રક્ષણ કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. તેમ જ ચામડી શરીરને બાહ્ય ચેપી વાતાવરણથી બચાવે છે અને શરીરની ઠંડી અને ગરમી સામે યોગ્ય રીતે રક્ષણ આપી શરીરના તાપમાનને સંતુલિત રાખે છે.

આમ ચામડી એ આપણા શરીરનું સહુથી બહારનું આવરણ છે, આથી એ બાહ્ય વાતાવરણના સીધા સંપર્કમાં સતત રહે છે. માટે ચામડીની સફાઈ યોગ્ય રીતે રાખવામાં આવે તો ચામડીને લગતા અનેક રોગ થઈ શકે છે. તેમ જ ચામડી આપણને સુંદરતા પ્રદાન કરે છે અને ચામડી આપણા શરીરના સ્વાસ્થ્ય માટે એક મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી ચામડીના રોગ ન થાય તેની આપણે અવશ્ય સાવધાની રાખવી જોઈએ.

કુદરતની ગોઠવણ પ્રમાણે આપણે ચામડી ૩૦થી ૪૦ હજાર કોષો દર મિનિટે નાશ પામે છે. તેમ જ દર ૨૮ દિવસે આપણી ચામડી સંપૂર્ણ બદલાઈ જાય છે. આમ ચામડી શરીરને સ્વસ્થ રાખવા સતત પોતાનું કાર્ય કરતી રહે છે, પરંતુ આજના યુગમાં વધુ સુંદર દેખાવાના ગાંડપણમાં આપણે સાબુ, લોશન, શેમ્પૂ જેવા વિવિધ કોસ્મેટિક્સનો વધુ પડતો બિનજરૂરી ઉપયોગ કરીને ચામડીના તે કાર્યમાં વિક્ષેપ કરીએ છીએ, પરંતુ ઘણીવાર તો તે પદાર્થો જ ચામડીના અનેક રોગને આમંત્રણ આપે છે.

એક શકયતા એવી પણ છે કે, જે વ્યક્તિઓને વધુ સુંદર દેખાવાની ઘેલછા હોય છે તેમને ચામડીના રોગ થવાની સંભાવના વધારે છે. ભગવાને આપણને સુંદરતા આપેલી જ છે તો શું વધુ સુંદર દેખાવાની ઘેલછામાં રોગને આમંત્રણ આપવું તે ખરેખર ડહાપણ કહેવાય?

**ચામડીના રોગોમાં રાખવાની સાવધાની**

ચામડી પર થતા કાળા ડાઘને અટકાવવા વધુ તડકામાં ફરવાનું ટાળવું.

ચામડીમાં થતી એલર્જી તથા વાઢિયાને અટકાવવા સાબુ ડિટર્જન્ટવાળા પાણીમાં હાથ-પગ બહુ ન પલાવવા.

દાદર જેવી તકલીફમાં દર્દીએ હલકાં તથા ખુલ્લાં વસ્ત્રો પહેરવાં. દિવસમાં બે વાર જંતુનાશક સાબુથી વ્યવસ્થિત સ્નાન કરવું. તેથી પરસેવો ઓછો થવાથી તકલીફ ઓછી થાય.

ચામડીમાં થતા ખસ, દાદર વગેરે જેવા ચેપી રોગને ફેલાતા અટકાવવા દર્દી માટે નાહવાના સાબુ, રૂમાલ તથા અન્ય વસ્ત્રો વગેરે અલગ રાખવા. તથા તેને યોગ્ય રીતે ગરમ પાણીથી સ્વચ્છ કર્યા પછી જ ફરી વાપરવાં.

પગમાં થતી કપાસી અટકાવવા ચામડીને ઘસારો ન લાગે તેવા નરમ ચપ્પલનો ઉપયોગ કરવો.

પગમાં થયેલા વાઢિયાને આરામ આપવા વાઢિયાવાળા ભાગને હૂંફાળા પાણીમાં થોડીવાર ડૂબાડી રાખવો. ત્યારબાદ પગને પાણીમાંથી બહાર કાઢી, હળવા હાથે રૂમાલ વડે તેના ઉપરથી નીતરતું પાણી લૂછી લઈને, કોપરેલ કે ઘી જેવા તૈલી પદાર્થો ત્યાં ઘસવા.

ખીલને થતા અટકાવવા દિવેલથી બેથી ત્રણ વાર ચહેરાને વ્યવસ્થિત રીતે સ્વચ્છ કરવો. પરસેવા તથા ધૂળથી બચવું.

નિયમિત લાલ પાંદડાવાળા શાકભાજી તથા ફળફળાદિ યોગ્યમાત્રામાં લેવાથી ચામડીને યોગ્ય પોષણ મળી શકે છે.

ચામડીના રોગથી બચવા તૈલી, વધુ ગરમ, ખાટાં, ખારા અને વધુ તીખા પદાર્થો ન લેવા. તેમ જ વિરુદ્ધ આહારનું સેવન ચામડીના રોગનું મૂળ છે.

ચામડીના રોગના દર્દીઓએ કબજિયાત ન થાય તેની સાવધાની ખાસ રાખવી.

રોજ ૧૫થી ૨૦ મિનિટ માટે પ્રાતઃકાળનો સામાન્ય તડકો ચામડી માટે ખૂબ જ ફાયદાકાર ક છે. જ્યારે વધુ પડતો તીખો તડકો ચામડીને ખૂબ જ નુકસાનકારક છે.

ત્વચાના વિકારોની જો વધુ સમસ્યા હોય તો દર્દીએ ચિકિત્સકના માર્ગદર્શન અનુસાર માત્ર ગરમ પાણી પર રહી અમુક (૫-૭) ઉપવાસો કરવા.

જો ગરમીના દોષથી ત્વચાની બીમારી થાય તો આહારમાં ઘી, દૂધ, માખણ, ઘઉં, ચોખા, દૂધી, પરવળ, તૂરિયાં, કેળાં, સફરજન, કાકડી જેવા સાત્ત્વિક પદાર્થ લેવાં.

જો કફદોષથી ત્વચાના વિકાર થયા હોય તો આહારમાં મરી, આદું, મેથી, રાઈ, રિંગણા, સરગવો, બાજરી, ચણાનો લોટ જેવાં સૂકા, ગરમ તથા મસાલેદાર પદાર્થો લેવાં.

**ચામડીના વિવિધ રોગ:**

કડુંઅને કરિયાતુંસરખા વજનમાં લઈને મેળવી ચૂર્ણ કરવું, સવારે અને રાત્રે એક ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. આ ઉપચારથી ચામડીના મોટા ભાગના રોગ દૂર થઈ શકે છે.

**ગૂમડાં:**

૧) દરરોજ સવારે લીમડાનાં પાનનો રસ પીવાથી પેટ સાફ આવે છે અને ગૂમડાં થતાં નથી ને થયેલા હોય તો તે મટી જાય છે.

૨) લીમડાના પાંદડાને વાટીને લેપ બનાવી ગૂમડાં પર લગાડવો.



# કોલકાતા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉત્સવ ૨૦૨૫

**ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતા**

દુર્ગાપૂજા પછી બંગાળીઓ માટે ફિલ્મ ઉત્સવ એક પ્રકારના તહેવારનું રૂપ ધારણ કરે છે, ખાસ કરીને સિનેપ્રેમીઓ માટે. છેલ્લા ૬ નવેમ્બરે ધન-ધાન્ય ઓડિટોરિયમમાં કાર્યક્રમનું શુભારંભ થયું. ૭ દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં ૩૯ દેશમાંથી કુલ ૨૧૫ ફિલ્મોની પ્રદર્શની થઈ. સમાપન સમારોહ નંદન ચતુર અને રવીન્દ્રસદન પરિસરમાં આયોજિત થયો. કાર્યક્રમમાં ઉપસ્થિત હતા પશ્ચિમ બંગાળની માનનીય મુખ્યમંત્રી મમતા બેનર્જી, ઉત્સવના અધ્યક્ષ શ્રી ગૌતમ ઘોષ, સંગીતકાર શાંતનુ મોઈત્રા, અભિનેતા દેવ સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓ. વિભિન્ન વિભાગોમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાથી લઈ ભારતીય ભાષા વિભાગ સુધી—બધા ક્ષેત્રે વિવિધ દેશો અને પ્રાંતોના ફિલ્મ નિર્માતાઓને સન્માનિત કરવામાં આવ્યા.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સર્વોત્તમ ફિલ્મ માટેનો ગોલ્ડન રોયલ બંગાલ ટાઈગર એવોર્ડ ક્યુબાની ફિલ્મ 'ટુ ધ વેસ્ટ ઈન ઝાપાતા' એ જીત્યો. ઉપરાંત નેટપેક એવોર્ડ 'વિક્ટોરિયા' એ મેળવ્યો. ભારતીય ફિલ્મ જગતમાં અસાધારણ યોગદાન બદલ ગૌતમ ઘોષ ને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો. બંગલા પેનોરામા વિભાગમાં શ્રેષ્ઠ બંગાલી ફિલ્મ તરીકે ચંદ્રશીશ રાયની 'પોર્શી' પસંદ થઈ. શ્રેષ્ઠ ભારતીય દસ્તાવેજી ફિલ્મનો એવોર્ડ જયદીપ બેનોર્જીની 'વિજયી જાપનની પથકથા' એ પ્રાપ્ત કર્યો. હીરાલાલ સેન સ્મારક પુરસ્કારમાં શ્રેષ્ઠ ભારતીય ભાષાની ફિલ્મ તરીકે સિક્કિમીઝ ભાષાની 'શેપ ઓફ મોમો' પસંદ થઈ. ભારતીય ભાષા વિભાગમાં શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ પ્રદીપ કુરબાહને તેમની ફિલ્મ 'હા લિંગખા બ્નેંગ' માટે મળ્યો. આ ઉપરાંત શ્રેષ્ઠ ભારતીય લઘુફિલ્મ માટેનો ગોલ્ડન રોયલ બંગાલ ટાઈગર એવોર્ડ 'નિંગમા... થ્રુ હર આઈઝ' એ જીત્યો.

ભારતીય દસ્તાવેજી ફિલ્મ વિભાગમાં સ્પેશિયલ મેનશન મળ્યું 'જિલીપિબાલાર મિત્રો' અને 'માય લાસ્ટ ફેસઃ કુ?બારા' ને. લઘુદૈર્ધ્ય ફિલ્મ વિભાગમાં સ્પેશિયલ જ્યૂરી એવોર્ડ 'સોંગ્સ ઑફ ધ મિસ્ટ' અને 'અપરાથીબા' ને આપવામાં આવ્યો. અનેક ભાષા, સંસ્કૃતિ અને વિચારના સમન્વય સાથે KIFF ૨૦૨૫ એ ફરી એકવાર સાબિત કર્યું કે વિશ્વ ફિલ્મ જગતમાં કોલકાતાનું યોગદાન આજે પણ તેટલું જ મહત્વનું છે.પ્રત્યેક વર્ષની જેમ આ વખત?? 'સિને આડ્ડા' કાર્યક્રમનું આયોજન થયું, જેમાં આ વખતે મુખ્ય વિષય હતો— 'ગાને ગાને આડ્ડા'. સંગીત જગતના અનેક દિગ્ગજોએ ભાગ લીધો, જેમાં હતા શ્રીરાધા બંદોપાધ્યાય, કબીર સુમન, ઈમોન ચક્રવર્તી, જોઝો, વિશ્વનાથ બેસુ સહિત અન્યો. સત્યાંજિત રે સ્મારક વ્યાખ્યાન ★'શોલે'★ ફિલ્મના નિર્દેશક રમેશ સિપી એ આપ્યું. પદ્મવિભૂષણ પ્રાપ્ત દિગ્દર્શક આદૂર ગોપાલકૃષ્ણને ઋત્વિક ઘટક સ્મારક કથામેળાનું સંચાલન કર્યું. સંગીતકાર શાંતનુ મોઈત્રાની બે અલગ—અલગ ચર્ચાઓ પણ યોજાઈ, જેમાં દર્શકોને સમજ મળી કે ગીત—સંગીત અને સૂર કેવી રીતે રચાય છે અને એક ફિલ્મ કેવી રીતે સર્જાય છે.

જ્યુરી મંડળમાં હતા રોલેફ દી હિજર, રોબર્ટ કોલ્તાઈ, આરતુર જુરૂવસ્કી, લિના શાબાની મેંજલી, વિરાટ નેહરુ, મધુ જનાર્દન, અને સાફા ઈલિયાસ હાગાગ સહિત અનેક વિશિષ્ટ સભ્યો. આ રીતે સપનાનાં અનેક રંગ સમેટીને આ વર્ષની ફિલ્મોત્સવની સમાપ્તિ થઈ અને હવે ફરી આગામી વર્ષની રાહ શરૂ.

**આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સર્વોત્તમ ફિલ્મ માટેનો ગોલ્ડન રોયલ બંગાલ ટાઈગર એવોર્ડ ક્યુબાની ફિલ્મ 'ટુ ધ વેસ્ટ ઈન ઝાપાતા' એ જીત્યો. ઉપરાંત નેટપેક એવોર્ડ 'વિક્ટોરિયા' એ મેળવ્યો.**

# નવચેતન અદાણી વિદ્યાલયમાં રાષ્ટ્રીય બાળ દિવસની સર્જનાત્મક ઉજવણી થઈ





હજીરા, સુરત તા.૧૫

નવચેતન અદાણી વિદ્યાલય, જૂનાગામના પ્રાથમિક વિભાગમાં બાળ દિવસની ઉજવણી સર્જનાત્મક કાર્યક્રમ સાથે કરવામાં આવી હતી. બાળ દિવસ એ નિર્દોષ હાસ્ય, ઉલ્લાસ અને સર્જનાત્મકતાની ઉજવણીનો દિવસ છે. આ અવસરને વધુ જીવંત બનાવવા માટે શાળામાં "નાનકડા હાથ, અનંત સપના" થીમ હેઠળ વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

બાળકોની કલ્પનાશક્તિને પાંખ મળે એવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. બાંધણી કલા, એડ ડિઝાઈન, ટીસ્યુ આર્ટ, સ્ટ્રિંગ આર્ટ, કાર્ટૂન બનાવવું, જૂની કંકોત્રીમાંથી એન્વેલોપ બનાવવું, કોયડા ઉકેલવા, પપેટ શો અને સાપ-સીડી રમત પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ ઉજવણી બધા બાળકો માટે શીખવા, રમવા અને આનંદ માણવાનો સુંદર મંચ બની. દરેક નાનકડા હાથમાં કંઈક નવું સર્જવાની ઉત્કંઠા ઝળહળી ઉઠી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોની સર્જનાત્મકતા, સહકાર ભાવના અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપવાનો હતો. જેમ પંડિત જવાહરલાલ નેહરુજીને બાળકોમાં દેશનું ભવિષ્ય દેખાતું હતું, તેમ આ દિવસ બાળકોના સપનાઓને હકીકતમાં રૂપાંતરિત કરવાની પ્રેરણા આપે છે. નવચેતન અદાણી વિદ્યાલયના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ બહુ ઉત્સાહિત થઈને ભાગ લીધો હતો.

## તંત્રી લેખ...-

સોમવાર,તા.૧૭ નવેમ્બર ૨૦૨૫

# સોના-ચાંદીમાં બેતરફી ઉછળકુદ

દેશના ઝવેરીબજારોમાં તાજેતરમાં વિતેલા સપ્તાહમાં સોના-ચાંદીના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. વિશ્વબજારના સમાચાર કિંમતી ધાતુઓમાં બેતરફી ઉછળકુદ બતાવી રહ્યા હતા તથા તેના પગલે ઘરઆંગણે પણ સોના- ચાંદીના ભાવમાં ચડઉતર થતી જોવા મળી હતી.

દરમિયાન, દેશમાં લગ્નસરાની મોસમ હવે શરૂ થઈ ગઈ છે છતાં ઝવેરીબજારોમાં કિંમતી ધાતુઓના ભાવ ઉંચા હોતાં લગ્નસરાની માગ ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે નોંધપાત્ર ઓછી રહી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. ઘરમાં પડેલા જૂના દાગીનાને નવા દાગીનાના સ્વરૂપમાં બદલાવી પ્રસંગ સાચવી લેવાની વૃત્તી પણ ઝવેરીબજારમાં આવતા લગ્નસરાના મોસમી ગ્રાહકોમાં જોવા મળી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯૫ના રૂ.૧૨૪૦૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૪૩૦૦ આસપાસ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા રહ્યા હતા. અમદવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૫૦૦૦૦ આસપાસ અથડાતા રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના નીચામાં ૩૯૭૦થી ૩૯૭૫ ડોલર તથા ઉંચામાં ૪૦૨૦ તથા ૪૦૨૫ ડોલર વચ્ચે બેતરફી ઉછળકુદ વચ્ચે ફરતા રહ્યાના સમાચાર હતા. વિશ્વબજારમાં તાજેતરમાં સોનામાં ઉછાળા ઉભરા જેવા નિવડતા જોવા મળ્યા છે. જોકે વૈશ્વિક સોનામાં ૪૦૦૦ ડોલરની અંદર ભાવ ગયા પછી ઘટયા મથાળે આંચકા પચાવી બજાર ફરી ઉંચકાતી પણ દેખાઈ છે. વિશ્વબજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરના વૈશ્વિક ઈન્ડેક્સમાં થતી વધઘટના વિશ્વબજારમાં સોનાના ભાવ અનુસરતા દેખાયા છે. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ તાજેતરમાં ઘટયા પછી ફરી ઉંચકાઈ ૧૦૦ની સપાટી વટાવી જતાં ડોલર ઈન્ડેક્સમાં ત્રણ મહિનાની ટોચ જોવા મળી છે. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૦ની અંદર ઉતરે ત્યારે વૈશ્વિક સોનામાં ફંડોની લેવાલી આવતી દેખાઈ છે તથા ડોલર ઈન્ડેક્સ ૧૦૦ની ઉપર જાય ત્યારે વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડો ફરી વેંચતા પણ દેખાયા છે.

દરમિયાન, વિશ્વબજારમાં સોના પાછળ ચાંદી, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવમાં પણ બેતરફી ચડઉતર જોવા મળી છે. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશદીઠ નીચામાં ૪૭.૯૫થી ૪૮ ડોલર તથા ઉંચામાં ૪૮.૭૦થી ૪૮.૭૫ ડોલર વચ્ચે ફરતા રહ્યા છે. દરમિયાન, વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ઉંચામાં ૧૫૭૦થી ૧૫૭૫ ડોલર તથા નીચામાં ૧૫૨૦થી ૧૫૨૫ ડોલર વચ્ચે અથડાતા રહ્યાના સમાચાર મળ્યા હતા.

વૈશ્વિક પેલેડીયમના ભાવ ઉંચામાં ૧૪૩૫થી ૧૪૪૦ ડોલર તથા નીચામાં ૧૩૬૫થી ૧૩૭૦ ડોલર વચ્ચે રહ્યા હતા. વિશ્વબજારમાં કોપરના ભાવ ટનના ત્રણ મહિનાના વાયદાના ઉંચામાં ૧૧ હજાર ડોલર તથા નીચામાં ૧૦૫૦૦ ડોલર વચ્ચે ફરતા રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં પણ બેતરફી ચાલ જોવા મળી હતી. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલદીઠ ૬૪ ડોલર આસપાસ તથા યુએસ ક્રૂડના ભાવ ૬૦ ડોલર આસપાસ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા જોવા મળ્યા છે.

દરમિયાન, તાજેતરમાં સરકારે ઈમ્પોર્ટરો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દરમાં વૃધ્ધિ કર્યાના સમાચાર મળ્યા હતા. આના પગલે દેશમાં આયાત થતા સોના- ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં પણ વૃધ્ધિ થઈ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

અમેરિકામાં તાજેતરમાં ઓક્ટોબરમાં કર્મચારીઓ તથા કામદારોની હકાલપટ્ટી- લેઓફમાં નોંધપાત્ર વૃધ્ધિ નોંધાઈ છે સામે ખાનગી ક્ષેત્રના જોબગ્રોથના એડીપીના આંકડા જોકે અપેક્ષાથા સારા આવ્યાના સમાચાર પણ મળ્યા હતા. અમેરિકામાં કન્ઝયુમર સેન્ટીમેન્ટનો ઈન્ડેક્સ તાજેતરમાં ઘટી નવા નીચા તળીયે ઉતરી ગયાના સમાચાર પણ મળ્યા હતા. અમેરિકામાં સરકારી શટડાઉનના પગલે ત્યાં તાજેતરમાં અર્થતંત્રને પણ મોટો ફટકો પડયો છે.

આવા માહોલમાં અમેરિકામાં હવે ડિસેમ્બરમાં મળનારી ફેડરલ રિઝર્વની મિટિંગમાં વ્યાજના દરમાં વધુ ઘટાડો થવાની શક્યતા બળવત્તર બની છે. આની અસર હવે વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ તથા સોનાના ભાવ પર મિશ્ર જોવા મળશે એવી ગણતરી વિશ્વબજારના જાણકારો બતાવી રહ્યા હતા. દરમિયાન, ભારતમાં ફોરેક્સ રિઝર્વમાં તાજેતરમાં વધુ ૫.૬૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે તથા બે સપ્તાહમાં આવો ઘટાડો ૧૨.૫૨ અબજ ડોલરનો થયો છે.

# પાકિસ્તાનના ટુકડા કરાવીને જ જંપશે અસીમ મુનીર

૨૦૨૫ના વર્ષથી લોકો એવા કંટાળી ગયા છે કે તેનો અંત ઝડપથી થાય એની ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે. જોકે તેમને ખબર નથી કે જિયો પોલિટિકલ પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે ૨૦૨૬નું વર્ષ ૨૦૨૫ને પણ સારું કહેવડાશે. રશિયા-યુક્રેન યુદ્ધ બંધ થવાને બદલે વધુ ભીષણ બનતું જાય છે અને યુક્રેન નામશેષ થવાની આરે છે.

અલાસ્કામાં ટ્રમ્પ સમાધાન કરવામાં વિફળ ગયા. એ હંગેરીના બુડાપેસ્ટમાં પુતિનને મળવાના હતા, પરંતુ સલાહકારોએ તેમને સમજાવતાં તેમણે આ મીટિંગ રદ કરી છે અને રશિયાની તેલની બે મોટી કંપની સામે આકરા પ્રતિબંધો મૂક્યા છે.

ટ્રમ્પ દાવો કરતા હતા કે હું એક દિવસમાં રશિયા અને યુક્રેન યુદ્ધ અટકાવી દઈશ, પરંતુ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન તેમને દાદ આપતા નથી અને યુક્રેનને નકશામાંથી ખતમ કરવા માટે ટાઈમ બાઈંગ ટેકટિસ અપનાવી રહ્યા છે. ટ્રમ્પે તો રશિયા પર દબાણ લાવવાને બદલે ઝેલેન્સ્કીને ફરી ગાળો આપી અપમાનિત કર્યા હતા.

ટ્રમ્પે તો યુક્રેનને કહી દીધું કે યુક્રેન તાબડતોબ યુદ્ધ અટકાવી દે અને રશિયાએ જે પ્રદેશ કબજામાં લીધા એને એ ભૂલી જાય. ટ્રમ્પે યુક્રેનને લાંબા અંતરની મિસાઈલ આપવાની ચોખ્ખી ના પાડી છે.

ટ્રમ્પે નોબેલ પ્રાઈઝની જાહેરાત થાય એ પહેલાં ગાઝા પટ્ટીમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે ઉતાવળમાં સીઝફાયર કરાવ્યું, પણ આજે આ પીસ ડીલ કાગળ પર રહી છે અને આ કોલમમાં લખ્યું હતું તેમ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ તેમના અસલ રંગ બતાવ્યા વિના રહેશે નહીં. બીબી બાન છૂટી જાય એની રાહ જોતા હતા. એક વાર બાન છૂટી ગયા કે નેતન્યાહુએ સેબોટેજ કરવાની કોશિશ ચાલુ કરી દીધી.કતાર અને તુકીર્ની ધ્યસ્થીથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તત્કાળ યુદ્ધવિરામ કરવા સંમત થયા છે. સારું છે કે ટ્રમ્પની મધ્યસ્થીની જરૂર પડી નહીં. ટ્રમ્પે તો આમાં દરમિયાનગીરી કરવાની તૈયારી કરી દીધી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મારે માટે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન યુદ્ધ અટકાવવાનું સૌથી આસાન છે.આ દાવામાં વજૂદ છે. જે રીતે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને લશ્કરના વડા અસીમ મુનિર જે રીતે ટ્રમ્પની ચાપલૂસી કરે છે એ જોતા ટ્રમ્પનો આદેશ થાય તો પાકિસ્તાન યુદ્ધ એક સેકન્ડ પણ લંબાવે નહીં. ઘણાને એ જાણીને આશ્ર્ચર્ય થશે કે અફઘાન તાલિબાન તો વર્ષોથી આતંકવાદી હુમલા કરે છે, પરંતુ પાકિસ્તાને કદી અફઘાન પર હુમલો કર્યો નહીં તો આ વખતે કેમ હુમલો કર્યો?

**બિહાર વિધાનસભા ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને એક્ઝિટ પોલના વરતારા પ્રમાણે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનો જયજયકાર થઈ ગયો**

# બિહારમાં ભાજપ નીતીશને કોરાણે મૂકીને સરકાર રચી શકે

**બિહારની ૨૦૨૦ની ચૂંટણીમાં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળે ભાજપ-જેડીયુને ફીણ પડાવી દીધેલું અને એનડીએ ૧૨૨ બેઠક જીતીને માંડ માંડ સત્તા ટકાવી શકેલો. આ વખતે ૨૦૨૦ કરતાં દોઢીથી વધારે બેઠકો એનડીએના ખાતામાં ગઈ છે અને આરજેડીના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન તો ક્યાંય ચિત્રમાં જ નથી.**

બિહાર વિધાનસભા ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને એક્ઝિટ પોલના વરતારા પ્રમાણે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનો જયજયકાર થઈ ગયો. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકમાંથી ૧૯૦ બેઠક જીતીને એનડીએએ સપાટો બોલાવી દીધો. એનડીએના બે સૌથી મોટા પક્ષો પૈકી ભાજપ ૯૫ બેઠક સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો છે જ્યારે નીતીશ કુમારની જેડીયુ ૮૨ બેઠક જીતીને ભાજપની લગોલગ રહી છે. બંનેની મળીને લગભગ ૧૭૫ બેઠક થઈ જાય છે એ જોતાં સરકાર રચવા માટે તેમને સાથી પક્ષોની પણ જરૂર ના પડે એવી સ્થિતિ થઈ ગઈ છે.

બિહારની ૨૦૨૦ની ચૂંટણીમાં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળે ભાજપ-જેડીયુને ફીણ પડાવી દીધેલું અને એનડીએ ૧૨૨ બેઠક જીતીને માંડ માંડ સત્તા ટકાવી શકેલો. આ વખતે ૨૦૨૦ કરતાં દોઢીથી વધારે બેઠકો એનડીએના ખાતામાં ગઈ છે અને આરજેડીના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન તો ક્યાંય ચિત્રમાં જ નથી.

૨૦૨૦માં સૌથી વધારે ૮૨ બેઠક જીતનારી આરજેડી આ વખતે ૫૦ના આંકડાને પાર કરી શકી નથી ને ૩૫ બેઠક પર લબડી ગઈ છે. તેની સાથી કોંગ્રેસ બે આંકડે પણ પહોંચી નથી. કોંગ્રેસે ગણીને છ બેઠકો જીતી છે ને તેના કરતાં વધારે બેઠકો તો ભાજપના સાથી એવા ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)એ જીતી છે. ચિરાગની પાર્ટી એકલી બાવીસ બેઠક જીતી છે. કોંગ્રેસ પોતાને રાષ્ટ્રીય પક્ષ ગણાવે છે પણ ચિરાગની પાર્ટી તેના કરતાં ચાર ગણી વધારે બેઠકો જીતી ગઈ છે.

કોંગ્રેસ કરતાં વધારે સારો દેખાવ તો જીતનરામ માંઝીની હિંદુસ્તાન અવામ મોરચા (હમ) પાર્ટીએ કર્યો છે. ગણીને સાત બેઠકો લડનારી હમ પાંચ બેઠક જીતી છે. મહાગઠબંધનના સભ્ય એવા સીપીએમ (એમએલ)એ છ બેઠક જીતી છે એ જોતાં તેમનો દેખાવ પણ કોંગ્રેસ કરતાં તો સારો જ ગણાય.

બિહારમાં એનડીએ જીતશે જ એવી હવા જામેલી હતી તેથી આ પરિણામોથી કોઈને આંચકો લાગ્યો નથી. સ્વાભાવિક રીતે જ ભાજપ આ જીતથી ખુશખુશાલ છે. ભાજપના નેતાઓએ બિહાર પછી હવે બંગાળનો વારો છે એવાં નિવેદનો પણ ફટકારી દીધાં છે. ભાજપના નેતાઓને ખુશ થવાનો ચોક્કસ અધિકાર છે કેમ કે આ જીત બહુ મોટી છે પણ આ જીત ભાજપ કરતાં વધારે નીતીશ કુમારની છે. બિહારના રાજકારણમાં સાવ પતી ગયેલા મનાતા નીતીશ કુમારની પાર્ટી આવો ભવ્ય દેખાવ કરશે એવી કોઈને કલ્પના નહોતી એ જોતાં નીતિશે જબરદસ્ત કમબેક કર્યું છે એવું કહી શકાય.

ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો તો જેડીયુને પણ બમ્પર કલેક્શન મળ્યું છે. જેડીયુની સરખામણીમાં ભાજપની બેઠકો બહુ ના વધી તેનું કારણ એ કે, ભાજપ ૧૦૧ બેઠક પર જ લડ્યો હતો. ભાજપ પાસે બહુ વધારે બેઠકો જીતવાનો ચાન્સ નહોતો છતાં ભાજપે પોતાની બેઠકોમાં તોતિંગ વધારો કર્યો એ મોટી વાત છે તેથી તેનો દેખાવ જબરદસ્ત જ છે. નીતીશનો દેખાવ પણ નોંધપાત્ર એ રીતે ગણાય કે, વિરોધી માહોલ છતાં નીતીશ જીતી ગયા છે. નીતીશ કુમાર સામા પ્રવાહે તરીને કિંગ સાબિત થયા છે. તેના કારણે ૨૦૨૦ની ચૂંટણીમાં માત્ર ૪૩ બેઠક જીતનારી જેડીયુ ૮૪ બેઠક જીતી છે અને તેની બેઠકો



લગભગ બમણી થઈ ગઈ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રચાર વખતે માહોલ નીતીશની તરફેણમાં નહોતો. નીતીશ કુમારની તબિયત સારી નથી એવી વાતો જોરશોરથી ચાલી હતી. નીતીશ ભલે સુશાસનના ને બિહારના વિકાસના ફાંકા મારે પણ નીતીશના ૨૦ વર્ષના શાસનમાં બિહાર ઠેરનું ઠેર છે તેથી હવે મતદારો નીતીશની વાતોમાં નહીં આવે એવું પણ કહેવાતું હતું. નીતીશ બધું ભૂલી જાય છે તેથી બિહારના મતદારો નીતીશને પસંદ નહીં કરે એવી વાતો પણ થતી હતી.

નીતીશ સાવ ભાજપના ભરોસે છે ને એનડીએ જીતશે તો ભાજપના કારણે જ જીતશે એવા દાવા પણ થતા હતા. નીતીશની જેડીયુ ૨૦૨૦ જેવો દેખાવ કરે તો પણ બહુ એવું પણ ઘણા કહેતા હતા પણ આ બધી વાતો અને દાવા બાજુ પર રહી ગયા છે. જેડીયુ વધારે તાકાતવર બનીને બહાર આવી છે ને નીતીશ પણ વધારે શક્તિશાળી બન્યા છે. નીતીશે કલ્પના પણ ના કરી હોય એ રીતે બિહારના મતદારો તેમના પર રીઝ્યા છે અને ફરી સત્તા સોંપી દીધી છે.

આ જીત પછી નીતીશ ફરી મુખ્યમંત્રી બનશે એવું કહેવાય છે પણ પરિણામો જોતાં ભાજપ નીતીશને કોરાણે મૂકી દે એવું બની શકે. ભાજપની પોતાની ૯૫ બેઠક છે અને નીતીશના વિરોધી ચિરાગ પાસવાનની ૨૦ બેઠકો છે એ જોતાં ભાજપને બહુમતી માટે બીજી સાત બેઠકો જોઈએ. જીતનરામ માંઝીની પાંચ બેઠક અને ઉપેન્દ્ર કુશવાહાની ચાર બેઠક ઉમેરો તો ભાજપ બહુમતીના આંકડાએ સરળતાથી પહોંચી જાય એ જોતાં ભાજપ નીતીશની ગેમ કરી નાંખવાનો મોટો દાવ ખેલી શકે છે.

નીતીશ પાસે લોકસભામાં ૧૨ સભ્યો છે અને નરેન્દ્ર મોદી સરકાર નીતીશના ટેકાથી ટકેલી છે તેથી ભાજપ એવું જોખમ ઉઠાવશે કે નહીં એ ખબર નથી પણ ભાજપે એક વાર નીતીશને કોરાણે મૂકવાનો દાવ ખેલી નાખવા જેવો તો છે જ. નીતીશ ૨૦ વર્ષથી બિહારમાં સત્તામાં છે પણ એ કશું ઉકાળી શક્યા નથી એ જોતાં ભાજપે બિહારની પ્રજાનો નીતીશની નાગચૂડમાંથી મોક્ષ કરાવવાની તક ઝડપી લેવી જોઈએ.

બિહાર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોની એક ખાસ વાત પર પણ ધ્યાન આપવા જેવું છે. બિહારની ચૂંટણીના નાના નાના પક્ષો હાંસિયામાં ધકેલાઈ ગયા છે અને કિંગ મેકર બનવાનાં તેમનાં સપનાં પર પાણી ફરી વળ્યું છે. ૨૦૨૦ની ચૂંટણીમાં ભાજપ અને જેડીયુની કુલ બેઠકોનો આંકડો ૧૧૦ની આસપાસ થતો હતો તેથી મુકેશ સાહની, જીતનરામ માંઝી વગેરે ઉચકૂચિયા નેતાઓની કદમબોસી કરવી પડેલી. આ વખતે એવી સ્થિતિ જ નથી અને મોટા પક્ષોનો દબદબો છે. બિહારની ૨૪૩ લોકસભા બેઠકમાંથી લગભગ ૨૦૦ જેટલી બેઠક ભાજપ, જેડીયુ અને આરજેડી પાસે જ છે. નાના પક્ષોમાં ચિરાગ પાસવાનની પાર્ટીને બાદ કરતાં કોઈની બેઠકો બે આંકડે પણ નથી પહોંચી તેથી તેમના બ્લેકમેઈલિંગના રાજકારણને કોઈએ તાબે નહીં થવું પડે કે તેમને સહન પણ નહીં કરવા પડે.

આ ચૂંટણીમાં પ્રશાંત કિશોરના નામની પણ બહુ ચર્ચા હતી. પી.કે. છેલ્લાં અઢી વર્ષથી મચેલા હતા, બિહારમાં પદયાત્રા પણ કાઢીને ગામેગામ પહોંચ્યા હતા. ભાજપ, જેડીયુ, આરજેડી, કોંગ્રેસ સહિતના તમામ પક્ષોએ બિહારને પછાત રાખ્યું છે એ સહિતના યોગ્ય મુદ્દા પણ ઉઠાવ્યા હતા પણ પી.કે. સત્તરના ભાવમાં પતી ગયા છે. પી.કે.ની જન સુરાજ પાર્ટી સમ ખાવા પૂરતી એક બેઠક પણ જીતી નથી શકી. એ જોતાં પી.કે. માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો છે. લોકશાહીમાં મતદારો સર્વોપરી હોય છે ને બિહારના મતદારોને પી.કે.નું સુરાજ નથી જોઈતું પણ નીતીશનું શાસન જોઈએ છે તો આપણે શું કરીએ?

# જળવાયુ પરિવર્તનનો પડકાર



પર્યાવરણનાં જતન માટે જળવાયુ પરિવર્તનને નાથવા માટે છેલ્લાં થોડાં વર્ષોથી અપાઈ રહેલી ચેતવણી હવે ખરી સાબિત થઈ રહી છે. ભારતમાં અને દુનિયામાં આવતાં વાવાઝોડાં અને કમોસમી વરસાદના વધી રહેલા કહેરની પાછળનું મુખ્ય કારણ જળવાયુ પરિવર્તનને નાથવા તરફ સેવાતું દુર્લક્ષ છે. આમ તો, ભારત અને ચીન આ મામલે પોતપોતાની જવાબદારી વહન કરવા સક્રિય છે, પણ દુનિયાના અન્ય વિકસિત દેશો તરફથી કોઈ નક્કર કાર્યવાહી ન થતાં વિશ્વમાં સરેરાશ ઉષ્ણતામાનને દોઢ ડિગ્રી ઘટાડવાનું લક્ષ્ય પાર પડે એમ જણાતું નથી. ભારતમાં આ વખતે લંબાયેલાં ચોમાસાંએ સામાન્ય જનજીવન પર અસર કરી, તેની સાથોસાથ કૃષિક્ષેત્રને ભારે નુકસાન પહોંચાડયું છે. આવી હાલત વિશ્વના સંખ્યાબંધ દેશોની પણ છે. અમેરિકામાં ચક્રવાત અટકતા નથી તો દક્ષિણ એશિયામાં પણ વાવાઝોડાં ભારે તારાજી સર્જી રહ્યાં છે. આમ તો, જળવાયુ પરિવર્તનના પડકારને પહોંચી વળવા વર્ષ ૨૦૧૫માં પેરિસમાં એક વૈશ્વિક કરાર થયો હતો, પણ તેમાં વ્યક્ત થયેલી સમજૂતીનાં પાલનની વિકસિત દેશોએ ભાગ્યે જ દરકાર કરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તો આ પડકારને બનાવટી ગણતાં પણ ખચકાતા નથી. તેમની આ માનસિકતા આ પડકાર સામેની વચનબદ્ધતાની સામે જ સવાલ ખડા કરે છે. જળવાયુ પરિવર્તનનો પડકાર એટલો મુશ્કેલ છે કે તેને પહોંચી વળવા ખાસ પ્રકારની ટેક્નોલોજી અને ભારે આર્થિક ભંડોળની અનિવાર્યતા રહે છે. વિકસતા દેશો તેમની આ પડકાર સામેની જવાબદારી અદા કરવાનો ઈરાદો ધરાવે છે, પણ તે માટે આ અનિવાર્ય સહાયતાનો અભાવ તેમના ઈરાદામાં અંતરાય બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારત અને ચીન જેવા દેશ તેમની આ જવાબદારી અદા કરવામાં ગંભીર છે. આ મામલે સંયુક્ત રાષ્ટ્રસંઘની ચાવીરૂપ બેઠકમાં આ બન્ને દેશની ભૂમિકાની પ્રસંશા પણ થઈ હતી. સાથોસાથ, એમ પણ કહેવાયું કે આ દેશોએ જળવાયુના સંદર્ભમાં કામગીરીને સ્પષ્ટ રીતે અપનાવીને વિશ્વને આવાં સ્વચ્છ એકમો ઊભાં કરવામાં આવતાં ખર્ચમાં ઘટાડો કરવામાં પણ મદદ કરી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનો એક અહેવાલ એવો છે કે જળવાયુ પરિવર્તનના સંદર્ભમાં આર્થિક મદદ સતત ઘટી રહી છે. વિકસતા દેશોને વર્ષ ૨૦૩૫ સુધી પોતાનાં લક્ષ્યને હાંસલ કરવા દર વર્ષે ૩૬૫ અબજ ડોલરનાં ભંડોળની આવશ્યક્તા રહે છે, પણ ગયા વર્ષે તેમને માત્ર ૨૬ અબજ ડોલરની જ મદદ મળી હતી. દર વર્ષે આ મામલે વિકસિત દેશો તેમનાં આર્થિક યોગદાનનાં વચનને પાળવાની દરકાર કરતા નથી હોતા. આમ, હાલની સ્થિતિ એવું ચોંકાવનારું ભવિષ્ય બતાવી રહી છે કે આવનારા સમયમાં જળવાયુ પરિવર્તનનો પડકાર વધુ ને વધુ ગંભીર સ્વરૂપ લેશે અને પરિણામે મોસમનો કહેર પણ વધુ ને વધુ ગંભીર બની જશે.

**બિહાર વિધાનસભાની ચૂંટણી અને પરિણામ ઉપર આખા દેશની નજર હતી જે બિહાર અને બિહારીઓને પછાત માનતા હતા એ બિહારી મતદારોએ ગજબની રાજકીય કોઠાસૂઝ બતાવી છે.**

# વિજય લોકતંત્રનો સ્થિરતા, સલામતી અને સમૃદ્ધિ માટે જનાદેશ

**બહારમાં એનડીએની બહુમતી મળી તેનું આશ્ચર્ય નથી, જે જબરદસ્ત, અભૂતપૂર્વ જનાદેશ મળ્યો તે આશ્ચર્યજનક છે. એક્ઝિટ પોલના તમામ નિષ્ણાતોના અનુમાનથી આગળ - બિહારના મતદારો મોદી અને નીતિશકુમાર ઉપર મનમૂકીને વરસ્યા છે,**

બિહારમાં એનડીએની બહુમતી મળી તેનું આશ્ચર્ય નથી, જે જબરદસ્ત, અભૂતપૂર્વ જનાદેશ મળ્યો તે આશ્ચર્યજનક છે. એક્ઝિટ પોલના તમામ નિષ્ણાતોના અનુમાનથી આગળ - બિહારના મતદારો મોદી અને નીતિશકુમાર ઉપર મનમૂકીને વરસ્યા છે, મતોની પુષ્પવૃષ્ટિ કરી છે. એકમાત્ર ગૃહપ્રધાન અમિતભાઈ શાહે બસ્સોથી વધુ બેઠકો મળવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હવે બિહારને રાજકીય સ્થિરતા, સલામતી અને સમૃદ્ધિ મળશે. બિહાર વિધાનસભાની ચૂંટણી અને પરિણામ ઉપર આખા દેશની નજર હતી જે બિહાર અને બિહારીઓને પછાત માનતા હતા એ બિહારી મતદારોએ ગજબની રાજકીય કોઠાસૂઝ બતાવી છે. જાતિવાદ અને પરિવારવાદને જાકારો આપીને વિકાસવાદને આવકાર્યો, અપનાવ્યો છે. લાલુ યાદવના માનીતા રાજકુમાર તેજસ્વી યાદવ છેલ્લી ઘડી સુધી મુખ્ય પ્રધાન બનવા માટે થનગની રહ્યા હતા અને વિધાનસભામાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભા રહેવાની શેખી કરતા હતા - સ્વપ્ન જોતાં અને લોકોને બતાવતાં હતાં તે - તેજસ્વી યાદવના ચેહરા ઉપરથી તેજ - નૂર ઊડી ગયું છે. ચૂંટણી પ્રચાર દરમિયાન અમિતભાઈ શાહે કહ્યું હતું કે બિહારના મુખ્ય પ્રધાન અને દેશના વડા પ્રધાનની ખુરસી ખાલી નથી - સપના જોનારા નિરાશ થશે. તેજસ્વી યાદવની જેમ રાહુલ ગાંધીને પણ ધોબીપછાડ લાગી છે. છીછરાં પાણીમાં માછલી પકડવાનું નાટક પણ કર્યું! હવે બિહારે રાહુલ ગાંધીના વોટ-ચોરીના એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બના ફુગ્ગા ફોડી નાખ્યા છે. રાહુલ ગાંધીનો ગજ વાગતો નથી છતાં વોટ-ચોરીનાં ગાણાં ગાઈને તેઓ હાસ્યાસ્પદ બન્યા છે. તેઓ ૧૯૯૫થી પક્ષમાં સક્રિય થયા છે અને થી ૨૦૨૫ સુધીમાં રાહુલ ગાંધીની નેતાગીરીમાં કોંગ્રેસ ૯૫ ચૂંટણી હારી છે! આ રેકોર્ડ છે. હવે કોંગ્રેસ પક્ષના જીહજૂરિયા એમની નેતાગીરીમાં કેટલો વિશ્વાસ રાખે છે તે જોવાનું છે. પરિવાર અને વંશવાદ લોકતંત્રમાં સ્વીકાર્ય નથી - એમ સમજવા માટે હજુ કેટલા પરાજય બાકી છે? લાલુ યાદવના શાસનકાળનું જંગલરાજ લોકોને યાદ છે. યુવા પેઢીને તેની જાણ છે તે પુરવાર કર્યું છે. તેજસ્વી - એમના પિતા લાલુજી અને માતા રબડીદેવીને પ્રચારમાં પડદા પાછળ રાખ્યાં પણ એનડીએ - ભાજપના નેતાઓએ જંગલરાજનો મુદ્દો ચગાવ્યો અને આખરે રાહુલ ગાંધી અને તેજસ્વીને ‘પલાયન’ કર્યા! હવે આ નેતાઓ સામૂહિક ‘અરણ્ય રુદન’ કરી રહ્યા છે! ચૂંટણી જાહેર થઈ ત્યારથી તેજસ્વી મુખ્ય પ્રધાનપદના દાવેદાર હતા. જાતિવાદ - યાદવ વંશના સમર્થનમાં ઉત્તર પ્રદેશના અખિલેશ યાદવ પણ ચૂંટણી પ્રચાર જંગમાં ઉતર્યા, આ પછી રાહુલ ગાંધીને પ્રચારમાં ઉત્સાહ ઊડી જવાનું કારણ યાદવો હાવી થઈ જવાની શંકા પણ હતી! ગમે તેમ પણ તેજસ્વીની પચીસ બેઠકોની સરખામણીએ રાહુલ ગાંધીની કોંગ્રેસને માત્ર છ બેઠકો મળી હોવાથી મહાગઢ - અથવા મહાગઠબંધનમાં નાક કપાયું છે. એનડીએના મહા-વિજયમાં આદિત્યનાથ યોગી અને બાગેશ્વર બાબાનું યોગદાન નોંધપાત્ર છે. એમણે હિન્દુ એકતા જગાવી અને ગેરકાયદે આવેલા ઘૂસપેઠીઆ સ્થાનિક લોકોના નોકરી-ધંધા પડાવે છે. સલામતીનું જોખમ હોવાનું સમજાવ્યું. હૈદરાબાદના ઓવૈસીએ જોરદાર આક્રમક પ્રચાર કર્યો પણ બિહારના મુસ્લિમ મતદારો વધુ સમજદાર નીકળ્યા. નીતિશકુમાર અને નરેન્દ્ર મોદીમાં વધુ વિશ્વાસ જાહેર કર્યો. તેજસ્વી યાદવે યુવાનોને મનાવવા, પટાવવા માટે સત્તા મળ્યા પછી પરિવારદીઠ એક વ્યક્તિને સરકારી નોકરી આપવાનું ‘પ્રણ’ જાહેર કર્યું. નીતિશકુમારે તો મહિલા સશક્તિકરણની યોજનાઓ અમલમાં મૂકી છે. હવે દરેક મહિલાનાં બેન્ક ખાતાંમાં દસ-દસ હજાર રૂપિયા જમા કરાવ્યા. કાગળ ઉપર વચન નહીં - તાત્કાલિક અમલ. નીતિશ સરકારે ચૂંટણી પહેલાં રૂા. ૩૨૦૦ કરોડની કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકી. પાણી અને વીજળી પુરવઠો ઘેર ઘેર પહોંચાડીને લોકોને ખુશ કર્યા. સસ્તી, નિયમિત વીજળી મળે ત્યારે તેજસ્વી લાલુ યાદવના ફાનસના ભાવ કોણ પૂછે? પ્રશાંત કિશોરે જનસુરાજ પક્ષ શરૂ કર્યો અને બિહારી યુવાનોએ નોકરી-ધંધા માટે ‘બહાર’ - મુંબઈ કે દિલ્હી - કોલકાતા જવાની જરૂર નથી એવી ખાતરી આપી પણ રાજ્યની ડબલ એન્જિન સરકારે કેન્દ્રીય કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકીને લોકોને ખાતરી કરાવી છે કે વિકાસ થાય છે. હવે ૩૨૦૦ કરોડ રૂપિયાની કલ્યાણ યોજનાઓ આગળ ધપાવીને તથા યુવાનોને નોકરી-ધંધાની જોગવાઈ કરવા માટે કેન્દ્ર સરકાર સાથે ખાનગી ઉદ્યોગો પણ જોડાશે એવો વિશ્વાસ છે. લોકસભાની આગામી ચૂંટણીમાં આ જનાદેશનું પુનરાવર્તન થાય તે માટે સુશાસન બાબુ - નીતિશકુમારની કસોટી હવે શરૂ થાય છે. બિહારની જનતાએ વોટિંગમાં ભારે ઉત્સાહ બતાવ્યો. વડા પ્રધાન મોદીએ પણ કહ્યું કે વિરોધીઓને ૬૫ વોલ્ટનો આંચકો આપ્યો છે. ૬૫થી વધીને બીજા તબક્કામાં ૭૦ વોટ - વોલ્ટ થયા. ચૂંટણી પંચ ઉપર આક્ષેપો કરનારા નેતાઓને મતદારોએ પાઠ ભણાવ્યો છે. મતદારોની યાદીમાંથી ૬૫ લાખ નામોની બાદબાકી થઈ અને નવાં બાવીસ લાખ નામ ઉમેરવામાં આવ્યાં ત્યારે ‘વોટ-ચોરી’ વાળા કોઈએ ‘ચૂં’ કર્યું નહીં. એટલું જ નહીં મતદાનનાં કોઈપણ કેન્દ્રમાં ફરીથી વોટિંગ કરાવવાની માગણી થઈ નહીં તે બિહારની ઐતિહાસિક ઘટના છે. હવે તેજસ્વી કહે છે આ ચૂંટણી પંચે એનડીએને વિજય અપાવ્યો છે - હવે બંગાળ અને તામિલનાડુમાં ચૂંટણી પંચને મતદાર યાદીમાં સુધારો નહીં કરવા દેવાય... એટમ બોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ ધડાકા થશે? શક્ય છે કે હતાશ નેતાઓ ઉત્પાત મચાવે...

# વિરોધ-સિનેમાનો કેવો છે આ વાયરો?

આજકાલ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટાં સ્ટાર્સ અને ભારે બજેટવાળી ફિલ્મ્સ જ વધુ ચર્ચામાં રહે છે. દરેક શુક્રવારે નવી ફિલ્મ્સ, રીલ્સ, ઈન્ટરવ્યૂ અને માર્કેટિંગની ધમાલ ચાલે છે. પણ સાચું કહીએ તો ભારતીય કે ખાસ કરીને હિંદી સિનેમાનો જીવ અન્ય જગ્યાએ ધબકે છે, જ્યાં નાની ફિલ્મ્સ શાંતિથી પણ સત્ય બોલે છે. એ ફિલ્મ્સ પાસે ન મોટા સ્ટાર હોય, નથી ભારે પ્રમોશન, પણ એ વાત એવી રીતે કહે છે કે જે દિમાગથી દિલ સુધી પહોંચી જાય છે.

આ ફિલ્મ્સ ગુસ્સાથી નહીં, હિંમતથી બનેલી છે, જે હિંમત મોટી ફિલ્મ્સ બતાવતા ડરે છે. આ ફિલ્મ્સ સીધી વાત કરે છે, લોકોના દુઃખ, ભ્રષ્ટાચાર, અસમતા, ન્યાય અને માનવતાની. 'સિયા' (૨૦૨૨) એનું ઉદાહરણ છે.

નાના ટાઉનની એક છોકરી પર થયેલા અત્યાચારની વાર્તા છે આમાં. પણ ફિલ્મ એ ઘટનાને સેન્સેશનલ બનાવતી નથી. એ સિસ્ટમની નિષ્ફળતા બતાવે છે. પોલીસની નાકામી, રાજકારણનું દબાણ અને સમાજની વરવી બાજુ દર્શાવે છે. ક્યાંય એક્શન હીરો નથી, ફક્ત એક યુવતી છે જે ન્યાય માટે લડે છે.

એ જ રીતે 'સિર્ફ એક બંદા કાફી હૈ' (૨૦૨૩)માં મનોજ બાજપેયીનો સામાન્ય વકીલ શક્તિશાળી ગોડમેન સામે લડે છે. ફિલ્મમાં ડ્રામા નથી, હીરોની એન્ટ્રી નથી, ફક્ત સત્ય છે અને એની લડત છે. આ ફિલ્મ શ્રદ્ધાના નામે થતો સત્તાનો દુરુપયોગ પડદા પર ખોલે છે. લોકોં પર આ ફિલ્મને ખૂબ વખાણતા રહ્યા, કારણ કે એ બોલિવૂડની સામાન્ય લાઈનથી અલગ તરી આવી હતી.

'કડક સિંહ' (૨૦૨૩) બહારથી પિતા-દીકરીની ઈમોશનલ વાર્તા છે, પણ અંદરથી એ ભ્રષ્ટાચાર અને સિસ્ટમની ગંદકી પર ટકોર કરે છે. એનો વિરોધ ઊંચા અવાજમાં નથી, એ પાત્રોની આંખોમાં છે. અને પછી આવે છે 'જોરમ' (૨૦૨૩), જેમાં મનોજ બાજપેયી ફરી એકવાર મુખ્ય પાત્રમાં છે. આ વખતે તે આદિવાસી માણસ તરીકે રાજ્ય અને કાયદાથી ભાગી રહ્યો છે. એ ફિલ્મ વિકાસના નામે ચાલતા અન્યાય પર ચુપચાપ અવાજ ઉઠાવે છેપ.




અન્ય એક થોડી હળવી પણ વિચાર કરવા મજબૂર કરતી ફિલ્મ 'ઓલ ઈન્ડિયા રેન્ક' (૨૦૨૪) છે. વરુણ ગ્રોવરની આ ફિલ્મેં એન્ટ્રન્સની તૈયારી કરતા એક છોકરાની વાર્તા કહે છે, પણ અંદરથી એ આપણા સમાજની સફળતા પ્રત્યેની ખોટી દોડને ઉઘાડી મૂકે છે. એ પૂછે છે કે શું જીવનનો અર્થ ફક્ત રેન્ક અને માર્ક્સમાં માપી શકાય? એ ફિલ્મ માત્ર સિનેમા નથી, એ સિસ્ટમને પ્રશ્ન કરે છે.

મનોરંજન દેવની કૃપાથી આવી ફિલ્મ્સની લહેર અચાનક નથી આવી. 'મુલ્ક' (૨૦૧૮) અને 'આર્ટિકલ ૧૫' (૨૦૧૯) જેવી ફિલ્મ્સે આ રસ્તો ખોલ્યો હતો, જ્યાં મોટા કલાકારોએ પણ સંવેદનશીલ વિષયો બોલવાની હિંમત કરી.

જોકે 'સિયા', 'સિર્ફ એક બંદા કાફી હૈ', 'કડક સિંહ', 'જોરમ', 'ઓલ ઈન્ડિયા રેન્ક' જેવી ફિલ્મ્સ મોટા માર્કેટિંગ વગર પણ દર્શકો સુધી પહોંચી ગઈ. 'સિર્ફ એક બંદા કાફી હૈ' માઉથ પબ્લિસિટીથી હિટ થઈ. 'જોરમ' ફેસ્ટિવલ્સમાં વખાણાઈ અને પછીં પર ચર્ચામાં આવી. 'ઓલ ઈન્ડિયા રેન્ક' લોકોને એની ઈમાનદારી માટે ગમી. 'સિયા'ને સોશ્યલ મીડિયા પર વખાણ મળ્યા.

આ જ લહેરમાં 'ભીડ', 'ઝ્વિગાટો', 'કટહલ' જેવી ફિલ્મ્સે પણ સામાજિક સત્યને સ્પર્શ્યું. 'ભીડ' ફિલ્મે મહામારીના દિવસોમાં થયેલી અસમાનતા બતાવી, 'ઝ્વિગાટો'માં એક ડિલિવરી માણસની આંખે સમાજનો ચહેરો દેખાડ્યો, 'કટહલ' ફિલ્મે સટાયરની અંદરથી સત્તા અને પોલીસતંત્રની ખામીઓને હળવેથી ઉઘાડા કર્યા. આ ફિલ્મ્સ હસાવે છે પણ પછી વિચારવા મજબૂર કરે છે.

આજના સમયમાં એવા કલાકારોનો ઉદય થયો છે, જે નાની ભૂમિકામાં પણ મોટો પ્રભાવ પાડે છે. મનોજ બાજપેયી, રાજકુમાર રાવ, વિજય વર્મા, શીબા ચઢ્ઢા, અંશુમન ઝા જેવા કલાકારો હવે મુખ્ય ધારા સામે અલગ ઊભા છે. એમની ફિલ્મ્સ બતાવે છે કે હવે સ્ટારડમ કરતાં સાચો અભિનય વધુ બોલે છે.

આજનું નવું સિનેમા ફક્ત ફોર્મ્યુલા સામેનો વિરોધ નથી, એ વિચાર સામેનો વિરોધ છે કે દર્શક ફક્ત મનોરંજન માગે છે. દર્શક હવે વિચાર કરે છે, પ્રશ્ન પૂછે છે, અને આ ફિલ્મ્સ એ પ્રશ્નોને દિશા આપે છે. હા, આવી ફિલ્મ્સ હજી દરેક શોમાં હાઉસફૂલ નથી થતી, પણ જે લોકો જુએ છે, એ વખાણ કરતાં જ થિયેટરની બહાર નીકળે છે.

આ બધા વચ્ચે કેટલીક અન્ય ફિલ્મ્સ જેમ કે 'અફવા', 'ફરાઝ', 'શિવ શાસ્ત્રી બલ્બોઆ' વગેરેએ બતાવ્યું કે વાર્તા જો ઈમાનદારીથી કહેવાય તો એ પોતે જ વિરોધ બની જાય છે. મોટી ફિલ્મ્સ જ્યાં મલ્ટિવર્સ, રીમેક અને દેશભક્તિના દેખાવમાં ખોવાઈ ગઈ છે ત્યાં આ નાની ફિલ્મ્સ માનવતાની વાત કરે છે.

'સિયા'માં પોલીસ સ્ટેશનની બહાર બેઠેલી છોકરીનું શાંત દશ્ય કોઈ પણ મોટા ડાયલોગ કરતાં વધુ બોલકુ છે. 'જોરમ'ના ખાલી કારખાનાંના શોટ્સ વિકાસના ખોખલા અર્થને ખોલી મૂકે છે. આ બધી ફિલ્મ્સ મળીને આજના ભારતની એવી તસ્વીર દોરે છે જે બોલિવૂડ ઘણી વાર છુપાવી દે છે!

## વેલકમ ટુ ધી જંગલ ફિલ્મમાં સુનિલ શેટ્ટીનાં ૩ ડાન્સ સોંગ હશે



મુંબઈ : બોલીવૂડમાં કોમેડીના નામે આડેધડ પ્રયોગો ચાલી રહ્યા છે. હવે 'વેલકમ ટુ ધી જંગલ' ફિલ્મમાં સુનિલ શેટ્ટીનાં ત્રણ ડાન્સ સોંગ હશે તેવી જાહેરાત કરાઈ છે. મૂળ આ ફિલ્મ ૨૦૨૪માં રજૂ થવાની હતી. પરંતુ, નાણાંકીય તકલીફ સહિત અનેક મુદ્દે ફિલ્મ અટવાઈ પડી હતી. હવે તેનું શૂટિંગ ચાલતું હોવાની અપડેટ ક્યારેક ક્યારેક આવતી રહે છે. બે વર્ષથી અટવાતી ફિલ્મને ગમે તે ભોગે ચલાવી દેવા માટે સર્જકોએ આ એક વધુ નુસ્ખો અજમાવ્યો હોવાનું કહેવાય છે.

ફિલ્મની ટીમે કરેલી આ જાહેરાતની સંખ્યાબંધ નેટ યૂઝર્સ દ્વારા ઠેકડી ઉડાવાઈ હતી. કેટલાક લોકોએ કહ્યું હતું કે સુનિલ શેટ્ટીનો ડાન્સ જ એક મોટી કોમેડી હોય છે અને તેમાં તેનાં ત્રણ ત્રણ ડાન્સ સોંગ મૂકીને ફિલ્મ સર્જકો દર્શકોની આકરી કસોટી કરી રહ્યા છે.

ફિલ્મની ટીમે જણાવ્યું હતું કે સુનિલ શેટ્ટીનું 'આવારા પાગલ દિવાના' ફિલ્મનું કેરેક્ટર જ એક ટ્વિસ્ટ સાથે આ ફિલ્મમાં રજૂ કરવામાં આવશે. ફિલ્મમાં અક્ષય કુમાર સહિતના કલાકારોનો કાફલો છે.

## ડીપફેકનો શિકાર સેલિબ્રિટીઓમાં શાહરૂખ અને આલિયા ટોચ પર

મુંબઈ : ડીપફેકનો મહત્તમ શિકાર બનતા સેલિબ્રિટીઓમાં શાહરુખ ખાન અને દીપિકા પદુકોણ ટોચ પર છે. આ ઉપરાંત આ યાદીમાં પ્રિયંકા ચોપરા, કિમ કાર્દશિયન, ઈલોન મસ્ક, ટેઈલર સ્વીફ્ટ તથા બીટીએસના સભ્યો પણ સામેલ છે. એક એન્ટી વાયરસ કંપનીએ ૨૦૨૫નાં વર્ષમાં મહત્તમ ડીપ ફેકનો શિકાર બનેલા સેલિબ્રિટીઓની યાદી પ્રગટ કરી છે. તેમાં સૌથી પહેલું નામ શાહરુખનું અને બીજું નામ આલિયા ભટ્ટનું છે.

આ સેલિબ્રિટીઓની તસવીરો તથા વોઈસનો ઉપયોગ કરીને એઆઈ દ્વારા ડીપ ફેક કન્ટેન્ટ સર્જવામાં આવે છે.

આ સેલિબ્રિટીઓ જાણે કોઈ પ્રોડક્ટ કે સર્વિસને એન્ડોર્સ કરતા હોય તેવું કન્ટેન્ટ બનાવાય છે અથવા તો કેટલીક વેબસાઈટના ખોટા પ્રચાર માટે તેમનો ઉપયોગ થાય છે.

સામાન્ય લોકો આ કન્ટેન્ટને સાચું માની ગેરમાર્ગે દોરવાય છે અને છેતરપિંડીનો શિકાર બને છે.

ભારતમાં મહત્તમ લોકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હોવાથી ડીપ ફેક માટે ભારતીય ઓડિયન્સ બહુ મોટું ટાર્ગેટ બની ગયું છે અને તેના કારણે ભારતીય સેલિબ્રિટીઓની ડીપ ફેક કન્ટેન્ટ પણ સૌથી વધારે જનરેટ થાય છે.

એક અંદાજ અનુસાર આશરે ૯૦ ટકા ભારતીયોને કોઈને કોઈ સ્વરુપે ડીપ ફેક કન્ટેન્ટનો સામનો કરવો પડે છે.

## શાહરુખ ખાનના નામ પર દુબઈમાં બનશે રૂ.૪૦૦૦ કરોડનો ટાવર

બોલિવૂડના 'બાદશાહ' શાહરુખ ખાનની લોકપ્રિયતા ભારતની સરહદો વટાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે, ખાસ કરીને અરબ દેશોમાં, ચરમસીમા પર છે. જેનો વધુ એક પુરાવો હવે દુબઈમાં જોવા મળશે. સુપરસ્ટાર શાહરુખે ફરી સાબિત કરી દીધું છે કે તેનો જાદુ દુનિયાભરમાં કેમ ચાલે છે! તેના નામ પર દુબઈમાં અરબો રૂપિયાના ખર્ચે એક ભવ્ય ટાવર તૈયાર થવા જઈ રહ્યો છે, જે વિશ્વભરના ચાહકો તરફથી તેને મળેલા અપાર પ્રેમને દર્શાવે છે.શુક્રવારે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં શાહરુખ ખાન હાજર રહ્યો હતો. આ ઈવેન્ટમાં તેણે પોતાના નામ પર બની રહેલા બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. દુબઈમાં શાહરુખ ખાનની લોકપ્રિયતા પહેલેથી જ વધુ છે અને ત્યાંની જનતા તરફથી તેને અપાર પ્રેમ મળે છે. પોતાના નામ પર બની રહેલા આ ટાવર વિશે સુપરસ્ટાર ભાવુક થઈ ગયો હતો અને ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, 'જો મારી માતા આજે જીવિત હોત, તો તેઓ ખૂબ જ ખુશ થાત. આ ખરેખર બહુ મોટું સન્માન છે. જ્યારે મારા બાળકો અહી આવશે, ત્યારે હું તેમને ગર્વથી બતાવીશ કે, જુઓ, આ પપ્પાના નામની બિલ્ડિંગ છે, તેના પર પપ્પાનું નામ લખેલું છે.'શાહરુખ ખાનના નામ પર બની રહેલો ટાવર એક કોમર્શિયલ ટાવર છે, જેનું બાંધકામ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ પ્રોપર્ટીનું મૂલ્ય લગભગ રૂ.૪૦૦૦ કરોડ આંકવામાં આવ્યું છે. આ ભવ્ય ટાવર ૫૬ માળનો હશે. કોઈ મુસ્લિમ દેશમાં પ્રથમ વખત કોઈ મુસ્લિમ અભિનેતાના નામની બિલ્ડિંગ બની રહી છે, જે એક ઐતિહાસિક પગલું છે. ટાવરની સુવિધાઓમાં એક હેલિપેડ અને સ્વિમિંગ પૂલનો પણ સમાવેશ થશે.



## માતા બન્યા પછી દીપિકા પાદુકોણનો દૃષ્ટિકોણ બદલાયો!

એક્ટ્રેસ દીપિકા પાદુકોણને તાજેતરમાં જ બે મોટી ફિલ્મો 'સ્પિરિટ' અને 'કલ્કી ૨'માંથી કાઢી મૂકવામાં આવી છે. તેની આઠ કલાકની શિફ્ટની માંગણીએ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચાવી દીધો છે. હવે એક્ટ્રેસે માતૃત્વ, કામ કરતી મહિલાઓ અને ઈન્ડસ્ટ્રીની વર્કિંગ કન્ડિશન્સ વિશે ખૂલીને વાત કરી છે.

'હાર્પર્સ બજાર ઈન્ડિયા' સાથેની એક મુલાકાતમાં દીપિકા પાદુકોણે કહ્યું, 'માતા બન્યા પછી મને ખ્યાલ આવે છે કે, મારી માતા જે કહેતી હતી, તે બધું જ સાચું હતું. દરેક નવી માતા વિચારે છે કે, તે યોજના બનાવીને બધું મેનેજ કરી શકે છે, પરંતુ વાસ્તવિકતા ઘણી બદલાઈ ગઈ છે. હવે હું મારી માતાને વધુ સારી રીતે સમજી શકું છું.'

દીપિકા માને છે કે, કામ કરતી માતાઓને કામ પર પાછા ફરતી વખતે, તેમના પરિવાર અને કાર્યસ્થળ (ઓફિસ) બંને તરફથી સંપૂર્ણ સમર્થન મળવું જોઈએ. તેણે કહ્યું કે, તેની પોતાની ઓફિસમાં પાંચ દિવસ, આઠ કલાકની વર્કિંગ પોલિસી લાગુ કરી છે અને મેટરનિટી-પેટરનિટી પોલિસી પણ લાગુ કરી છે. તે ઈચ્છે છે કે, બાળકોને ઓફિસ કે સેટ પર લાવવું પણ સામાન્ય બને, જેથી મહિલાઓ કોઈ દબાણ વિના કામ કરી શકે.

વધુ પડતા કામ અને બર્નઆઉટ અંગે દીપિકાએ સ્પષ્ટપણે કહ્યું, 'આપણે વધુ પડતા કામને સામાન્ય બનાવી દીધું છે, પરંતુ વાસ્તવિક ૮ કલાકની મર્યાદા યોગ્ય છે. થાકીને કામ કરવું કોઈના માટે ફાયદાકારક નથી. મેં હંમેશા સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે.'



# ભારતમા ૧૫ વર્ષ બાદ દક્ષિણ આફ્રિકાએ વિજય હાંસલ કર્યો

## ભારતના ખરાબ રેકોર્ડ સર્જાયા : પ્રથમવાર એકપણ બેટર ટેસ્ટમાં 'ફિફ્ટી' ન કરી શક્યો : નાનો સ્કોર ચેઝ ન થયો

**કોલકાતાઃ** ઈડન ગાર્ડન્સ ટેસ્ટ મફેચની પહેલી ઈનિંગ દરમિયાન, જ્યારે તૈયબા બાવુમા બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે એક ભારતીય ખેલાડીએ તેમના નાના કદનો ઉલ્લેખ કરતા અપમાનજનક શબ્દનો ઉપયોગ કર્યો.

આ ટિપ્પણી સ્ટમ્પ માઈક દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી. જોકે, દક્ષિણ આફ્રિકાના આ નાના કેપ્ટને બીજી ઈનિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું, ૫૫ (૧૩૬ બોલ, ૪ ચોગ્ગા) રન બનાવ્યા. આ ઈનિંગ ટીમની જીતમાં નિર્ણાયક સાબિત થઈ.

આ વિજય સાથે, વિશ્વ ટેસ્ટ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાએ ૧૫ વર્ષમાં પહેલી વાર ભારતમાં ટેસ્ટ મેચમાં ભારતને હરાવ્યું. ૧૨૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ભારત બીજા દાવમાં ફક્ત ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના કારણે દક્ષિણ આફ્રિકા ૩૦ રનથી મેચ જીતી શક્યું. પ્લેયર ઓફ ધ મેચ સિમોન હાર્મરે પોતાની ઓફ-ફિલ્ડ બોલિંગથી આઠ વિકેટ અને ત્રણ કેચ લીધા.

જાનસેનના ફટકાએ પાયો નાખ્યો

જ્યારે ભારતે ૧૨૪ રન મેળવવાં શરૂઆત કરી, ત્યારે ફાસ્ટ બોલર માર્કો જાનસેનએ તેની પહેલી જ ઓવરમાં યશસ્વી જયસ્વાલને આઉટ કર્યો. તેણે તેની આગલી ઓવરમાં કેએલ રાહુલ (૧ રન) ને પણ આઉટ કર્યો, જેના કારણે ભારતનો સ્કોર બીજા દાવમાં ૩/૧ થઈ ગયો કારણ કે કેપ્ટન શુભમન ગિલ ઈજાને કારણે બહાર થઈ ગયો હતો.પહેલું સત્ર સંપૂર્ણપણે મુલાકાતી ટીમનું હતું. તેના છેલ્લા ત્રણ બેટ્સમેનોએ ૬૦ અમૂલ્ય રન ઉમેર્યા, જ્યારે ભારતે જવાબમાં માત્ર ૧૦ રન બનાવ્યા અને તેના બંને ઓપનર ગુમાવ્યા. લંચ સમયે, ભારત લક્ષ્યથી ૧૧૪ રન દૂર હતું.બપોરના ભોજન પછીના પહેલા કલાકમાં જુરેલ અને પંત એક ખરાબ શોટ રમીને આઉટ થયો. જુરેલે હાર્મરનો ખરાબ બોલ ઓફ સ્ટમ્પની બહાર લેગ સાઈડ તરફ ખેંચ્યો. બોલ ડીપ મિડવિકેટ પર કોર્બિન બોશ પાસે ગયો અને એક સરળ કેચ પકડ્યો.ત્યારબાદ પંત હાર્મરના બોલો શિકાર બન્યા. બોલ, મિડલ અને લેગ સ્ટમ્પ પર પિચ થયો, થોડો ટર્ન લીધો. પંત (૨ રન, ૧૩ બોલ) તેને હવામાં બોલર તરફ પાછો ફેંક્યો, અને હાર્મરે સરળ રીટર્ન કેચ લઈને ભારતીય કેમ્પમાં દબાણ વધાર્યું.

ભારતીય બેટ્સમેનોને હાર્મર અને કેશવ મહારાજની ટર્નિંગ ડિલિવરી સામે સ્ટ્રાઈક રોટેટ કરવામાં મુશ્કેલી પડી. જોકે, મહારાજ વધારે મુશ્કેલી ઊભી કરી રહ્યા ન હતા. તેંબા એ તેને મોરચા પરથી હટાવ્યો અને બોલ પાર્ટ-ટાઈમ બોલર એડન માર્કરામને આપ્યો. આ ચાલ સફળ સાબિત થઈ જ્યારે તેણે ક્રિઝ પર વોશિંગ્ટન સુંદર (૩૧ રન, ૯૨ બોલ) ક્રીઝ પર સ્થિર વિકેટ માટે આઉટ થયો. હાર્મરે પણ રવિન્દ્ર જાડેજા (૧૫ રન, ૨૬ બોલ) ને સ્થિર થવા દીધો નહી.

પછી, કુલદીપ યાદવની સાતમી વિકેટ પડી ગયા પછી, અને મહારાજને બે બોલ આપવામાં આવ્યા પછી, અક્ષર પટેલે એક તક લીધી. તેણે પોતાના બેટથી ચોગ્ગા, છગ્ગા અને છગ્ગા ફટકારીને દર્શકોને રોમાંચિત કર્યા. લક્ષ્ય ૪૭ થી ઘટીને ૩૧ થઈ ગયું. પરંતુ ઓવરના પાંચમા બોલ પર અક્ષર, સિક્સર ફટકારવા જઈ રહ્યો હતો, પરંતુ તે યોગ્ય રીતે કનેક્ટ થઈ શક્યો નહી.

બોલ હવામાં ઉછળ્યો, અને હજારો દર્શકોના ગર્જના વચ્ચે, બાવુમા મિડ-વિકેટ તરફ દોડી ગયો અને કેચ પકડ્યો. સિરન પહેલા જ બોલ પર આઉટ થઈ ગયો, અને ભારત મેચ હારી ગયું.

ભારતીય ટીમ માટે ચિંતાનું કારણ

ભારત ઘરઆંગણે ૨૦૦ કે તેથી ઓછા રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ક્યારેય હાર્યું નથી. ગયા સીઝન પહેલા, ભારતે ૩૩ ટેસ્ટ માં ૨૦૦ કે તેથી ઓછા રનનો લક્ષ્ય મળ્યો જેમાં ૩૦ જીતી હતી અને માત્ર ત્રણ મેચ ડ્રો કરી હતી. જોકે, આ દોષરહિત રેકોર્ડ હવે કલંકિત થઈ ગયો છે. ટીમે હવે બે હાર પણ નોંધાવી છે.

રવિવારે ઈડન ગાર્ડન્સ ખાતે ૧૨૪ રનના નાના લક્ષ્યનો પીછો કરતી વખતે દક્ષિણ આફ્રિકા સામે મળેલી હાર આ ક્રમની બીજી નિષ્ફળતા હતી. આ પહેલા, ભારત ગયા વર્ષે વાનખેડે ખાતે ન્યુઝીલેન્ડ સામે ૧૪૭ રનના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું હતું.



# ન્યૂઝીલેન્ડ અને વિન્ડિઝ વચ્ચેની વન-ડે સિરીઝમાં પણ રોમાંચ જારી

### ટી૨૦ બાદ પહેલી વન-ડેમાં વિન્ડિઝ સામે કિવિ ટીમનો સાત રનથી વિજય

ક્રાઈસ્ટચર્ચ. વેસ્ટ ઈન્ડિઝની ટીમ હાલમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે અને બંને ટીમ વચ્ચે રમાયેલી મોટા ભાગની મેચ રોમાંચક રહી છે તથા લગભગ સિંગલ ડીજીટમાં પરિણામ આવી રહ્યા છે તેમાં રવિવારનો દિવસ બાકાત રહ્યો ન હતો. રવિવારે અહીં રમાયેલી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ન્યૂઝીલેન્ડનો સાત રનથી વિજય થયો હતો.અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ન્યૂઝીલેન્ડે તેની ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૬૯ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ભારે લડત આપ્યા બાદ ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૬૨ રન કર્યા હતા. ડેરેલ મિચેલે કિવિ ટીમ માટે શાનદાર સદી ફટકારી હતી અને તેને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરી હતી. ઓપનર ડેવોન કોનવેએ તેની આદત મુજબ આક્રમક બેટિંગ કરી હતી અને સાત ચોગ્ગા તથા એક સિક્સર સાથે ૪૯ રન ફટકાર્યા હતા તો મિચેલે ૧૧૮ બોલમાં ૧૨ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૧૧૯ રન ફટકાર્યા હતા, આ સિવાય મિચેલ બ્રેસવેલે ૩૫ રનનું યોગદાન આપ્યું હતું. ૨૭૦ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝે પણ કોઈ કસર બાકી રાખી ન હતી.પરંતુ શેરફાને રૂધરફોર્ડને બાદ કરતાં બાકીનો કોઈ બેટર લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. આમ છતાં કેરેબિયન ટીમ ટારગેટની નજીક પહોંચી હતી કેમ કે તેના તમામ બેટરે પોતાના તરફથી યોગદાન આપ્યું હતું. રૂધરફોર્ડે ૬૧ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૫૫ રન ફટકાર્યા હતા તો અલિક અથાનાઝેએ ૨૯, કેસી કાર્ટીએ ૩૨, શાઈ હોપે ૩૭, જસ્ટિન ગ્રિવ્સે અણનમ ૩૮ અને રોમારિયો શેફર્ડે ૨૬ રન ફટકાર્યા હતા.વેસ્ટ ઈન્ડિઝ માટે જેયડન સિએલ્સે ત્રણ વિકેટ લીધી હતી તો ન્યૂઝીલેન્ડ માટે કાયલ જેમિસને ત્રણ વિકેટ લીધી હતી.

# અમારે દબાણ છતાં ટારગેટ વટાવી દેવાની જરૂર હતીઃ રિશભ પંત

## બીજી ટેસ્ટમાં ગુવાહાટી ખાતે વળતો પ્રહાર કરવાનો પંતને આત્મવિશ્વાસ

**કોલકાતા, તા. ૧૭**

સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ૧૨૪ રનનો પીછો કરવામાં ભારતની અસમર્થતા પર નારાજગી વ્યક્ત કરતા ટીમના ઉપસુકાની રિશભ પંતે રવિવારે જણાવ્યું હતું કે અમારા બેટર્સે ઈડન ગાર્ડન્સની કપરી પિચ પર રમવાના પડકારને સ્વીકારવો જોઈતો હતો. સાઉથ આફ્રિકાએ ૩૦ રનથી વિજય મેળવીને બે મેચની સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી લેવા માટે ભારતને માત્ર ૯૩ રનમાં આઉટ કરી દીધું હતું. મેચ બાદ રિશભ પંતે જણાવ્યું હતું કે “આવી રમત પછી તમે તેમાં વધુ પડતું ધ્યાન ન આપી શકો. આપણે તેનો પીછો કરી શક્યા હોત પરંતુ દબાણ વધતું રહ્યું. અમે પર્યાપ્ત રીતે સારી રમત દાખવી શક્યા નહીં અને આ સમયે જ ખરી બેટિંગ કરવાની હતી કેમ કે તે સ્પિનર્સને જ મદદરૂપ હતી.

જોકે આ મેચના પરાજય છતાં પંતે આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે હવે મે ગુવાહાટી ખાતે રમાનારી બીજી ટેસ્ટમાં જોરદાર રીતે વળતો પ્રહાર કરીશું. ઈડન ગાર્ડન્સ ખાતે જે પિચ હતી તેવી પિચ પર ૧૨૦થી વધુનો ટારગેટ કપરો બની શકતો હોય છે અને રવિવારે આમ જ બન્યું હતું. જોકે દબાણને વશ થયા વિના રમવાની જરૂર હતી તેમ થયું નહીં ત્યારે આ અંગે લાંબુ વિચારવાને બદલે આગામી મેચ વિશે વિચારવું બહેતર રહેશે. આમ આ મેચ અંગે અમે બહુ વિચારતા નથી પરંતુ ગુવાહાટીમાં વળતો પ્રહાર કરવાની યોજના બનાવીશું તેમ પંતે ઉમેર્યું હતું.તેણે ઉમેર્યું હતું કે ટેમ્બા બાવુમાએ આઠમી વિકેટ માટે ૪૪ રન ઉમેર્યા તે સમયથી જ તેઓ મેચમાં આવી ગયા હતા. ખરેખર તો અમારા બોલર્સે આ જોડીને સસ્તામાં આઉટ કરવાની જરૂર હતી. બીજી તરફ સાઉથ આફ્રિકાના વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન કેપ્ટન ટેમ્બા બાવુમાએ ટીમની આ સફળતાનો યશ તેના સ્પિનર્સને આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે ભારત સામેની આ સિરીઝ અમારા માટે કપરી હતી પરંતુ અમારા સ્પિનર્સ અને ખાસ કરીને સિમોન હાર્મરે અમને સફળતા અપાવી છે અને આશા રાખું છું કે બીજી ટેસ્ટમાં પણ અમે આવી જ રમત દાખવી શકીશું. જોકે અમારે તે વખતે વધારે સાવધાન રહેવું પડશે કેમ કે અત્યંત પ્રતિભાવંત ભારતીય ખેલાડીઓ હવે અમને હળવાશથી નહીં લે તેની મને ખાતરી છે.





### કોલકતા ટેસ્ટમાં પરાજયને પગલે

# ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપમાં પાછળ ધકેલાયુ : ચોથા સ્થાને સરકયુ

દુબઈ,તા.૧૭

આઈસીસીએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના નવા ક્રમાંકો જાહેર કર્યા છે જે અનુસાર ભારત રવિવારે ઈડન ગાર્ડન્સમાં સિરીઝની પ્રથમ ટેસ્ટ હારી જતાં રેન્કિંગમાં એક ક્રમ નીચે ઊતર્યું છે, જ્યારે સાઉથ આફ્રિકા બીજા નંબર પર આવી ગયું છે.ભારતે કોલકાતાની ટેસ્ટમાં ૩૦ રનની સરસાઈ લીધી હતી, પણ છેવટે ૩૦ રનના નાના તફાવતથી જ ટીમ ઈન્ડિયાએ પરાજય જોવો પડ્યો. સાઉથ આફ્રિકા ૨૦૧૦ પછી પહેલી વાર ભારતની ધરતી પર ટેસ્ટ જીતવામાં સફળ થયું છે.ભારતની ટીમ ડબ્લ્યૂટીસીમાં ત્રીજા નંબરે હતી, પણ આ પરાજયને પગલે ચોથા નંબર પર જતી રહી છે, જ્યારે સાઉથ આફ્રિકાએ એક નંબરની પ્રગતિ કરીને બીજું સ્થાન મેળવ્યું છે. વર્તમાન ડબ્લ્યૂટીસી સીઝનમાં ભારત આઠમાંથી ચાર ટેસ્ટ જીત્યું, ત્રણ હાર્યું અને એક ટેસ્ટ ડ્રો થઈ છે.



### કોલકાતાની પીચ ખરાબ ન હતી

# ખેલાડીઓના ધૈર્ય માનસિક મજબૂતી પર ગંભીરની ટકોર



**કોલકાતાઃ** ટીમ ઈન્ડિયા ના મુખ્ય કોચ ગૌતમ ગંભીર એવું માનતા નથી કે ઈડન ગાર્ડન્સની પિચ ખૂબ ખરાબ છે. તેમનું માનવું છે કે ટેસ્ટ ક્રિકેટમાં કૌશલ્ય કરતાં માનસિક શક્તિની વધુ જરૂર હોય છે.ગંભીરને પૂછ્યું, 'શું વર્તમાન ભારતીય ટીમના ખેલાડીઓમાં સ્પિન રમવા માટે જરૂરી ધીરજનો અભાવ છે કે તેમની ટેકનિકમાં કોઈ ખામી છે?' ગંભીરે જવાબ આપ્યો, "જો તમે બેટ્સમેન છો, તો અમારા ડ્રેસિંગ રૂમમાં બહુ અનુભવ નથી. ટેસ્ટ ક્રિકેટમાં કૌશલ્ય કરતાં વધુ માનસિક શક્તિની જરૂર પડે છે. પિચ ગમે તેટલી ટર્નિંગ હોય, જો તમે પ્રથમ ૧૦-૧૫ મિનિટ માટે દબાણનો સામનો કરી શકો છો, તો વસ્તુઓ સરળ બને છે."ગંભીરે તો એમ પણ કહ્યું કે પિચ અમારી અપેક્ષા મુજબની હતી. "એવું નથી કે તે રમવા યોગ્ય નહોતી. તેમાં કોઈ ખામીઓ નહોતી. આ પિચ પર જ બાવુમા, અક્ષર અને સુંદરે રન બનાવ્યા હતા."દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેબા બાવુમાને પિચ અંગે કોઈ ફરિયાદ નહોતી. ખાસ કરીને ગઈકાલથી આજ સવાર સુધી, પિચે તેમની બેટિંગ વ્યૂહરચના પર કેવી અસર કરી તે અંગે પૂછવામાં આવતા, ટેબાએ કહ્યું, "ગઈકાલે (બીજા દિવસે) બેટિંગ કરવી ખૂબ મુશ્કેલ હતી.

પિચના ઉથલપાથલને કારણે એડજસ્ટ થવું મુશ્કેલ બન્યું. જોકે, આજે સવારે પિચ થોડી શાંત થઈ ગઈ, અને જોકે હજુ પણ ટર્ન બાકી હતો,



# ભારતીય ટેસ્ટ ક્રિકેટ માટે છેલ્લું વર્ષ ખરાબ : ગંભીર - અગરકરને ઝટકતો પ્રસાદ

**કોલકાતા, તા.૧૭**

કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે ભારતને કારમી હારનો સામનો કરવો પડ્યો. ભારતે પહેલા બે દિવસે મેચ પોતાના પક્ષમાં કરી દીધી હતી, પરંતુ ત્રીજા દિવસે ટીમ સંપૂર્ણપણે પડી ભાંગી.૧૨૪ રનના સરળ લક્ષ્યનો પીછો કરતા ભારત ફક્ત ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું. આ હાર બાદ, ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદે ટીમ મેનેજમેન્ટ અને પસંદગી સમિતિ પર સવાલ ઉઠાવ્યા.પ્રસાદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને લખ્યું, "અમે સફેદ બોલના ક્રિકેટમાં ઉત્તમ રહ્યા છીએ, પરંતુ આ પ્રકારના આયોજનથી, અમે પોતાને ટોચની ટેસ્ટ ટીમ કહી શકતા નથી.પસંદગીમાં સ્પષ્ટતાનો અભાવ અને વધુ પડતી રણનીતિક વિચારસરણી ટીમને નુકસાન પહોંચાડી રહી છે. છેલ્લા એક વર્ષમાં ટેસ્ટ ક્રિકેટમાં પરિણામો અત્યંત નિરાશાજનક રહ્યા છે."તેમણે સીધા કોચ ગૌતમ ગંભીર અને મુખ્ય પસંદગીકાર અજિત અગરકર પર આરોપ લગાવ્યો. ગંભીરે કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી ભારતના ટેસ્ટ રેકોર્ડની સતત તપાસ થઈ રહી છે.

# રણજી ટ્રોફીમાં ગુજરાતનો અભિષેક દેસાઈ ૯૯ પર આઉટ

### ગુજરાતના રણજી ઇતિહાસમાં ૯૯ પર આઉટ થનારો ત્રીજો બેટર

અમદાવાદ,રણજી ટ્રોફીની ૨૦૨૫-૨૬ની સિઝનમાં રવિવારથી દહેરાદૂન ખાતે શરૂ થયેલી ઉત્તરાખંડ સામેની ચાર દિવસીય ક્રિકેટ મેચમાં ગુજરાતનો ઓપનર અભિષેક દેસાઈ ૯૯ રનના સ્કોર પર આઉટ થયો હતો. અભિષેક દેસાઈ અને આર્ય દેસાઈએ ગુજરાતની ઈનિંગ્સનો પ્રારંભ કર્યો હતો. ગુજરાતે ઉપરી ઉપરી વિકેટો ગુમાવી હતી ત્યારે અભિષેક એક છેડો સાચવીને અડિખમ બેટિંગ કરી રહ્યો હતો. તે સદીથી એક રન દૂર હતો ત્યારે મયંક મિશ્રાની બોલિંગમાં ચોપરાના હાથમાં ઝડપાઈ ગયો હતો.આમ અભિષેકે ગુજરાતનો સ્કોર ૧૫૯ સુધી પહોંચાડી દીધો હતો. વર્તમાન સિઝનમાં અભિષેક બીજી વાર નર્વસ નાઈન્ટીમાં આઉટ થયો હતો. અગાઉ તે પોતાની રણજી કારકિર્દીની પહેલી જ ઈનિંગ્સમાં ૯૬ રન પર આઉટ થયો હતો.આ સાથે ગુજરાતની રણજી ટ્રોફીના ઈતિહાસમાં અભિષેક એવો ત્રીજો બેટર બન્યો હતો જે ૯૯ રનના સ્કોર પર આઉટ થયો હોય. આ અગાઉ ૧૯૯૯-૨૦૦૦માં તેજસ વરસાણી બરોડા સામેની મેચમાં ૧૬૬ બોલ રમીને ૯૯ રન પર આઉટ થયો હતો તો ૨૦૧૮-૧૯માં મુંબઈ સામેની વાનખેડે સ્ટેડિયમ ખાતેની મેચમાં ધ્રુવ રાવલ ૧૮૬ બોલમાં ૯૯ રન ફટકારીને આઉટ થયો હતો.રણજી ટ્રોફીમાં અત્યાર સુધીમાં ૧૭૧ બેટર ૯૯ રન પર આઉટ થયા છે તો ગુજરાત સામે છ બેટર આ રીતે એક રનથી સદી ચૂકી ગયા છે.

# કામરેજ વિધાનસભા વિસ્તારમાં યોજાયેલી યુનિટી માર્ચ પદયાત્રા

## પદયાત્રાને વાલક પાટીયા ખાતેથી પ્રસ્થાન કરાવતા આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

સુરત, તા.૧૭

દેશની એકતાના પ્રતિક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે કામરેજ વિધાનસભા વિસ્તારની 'સરદાર જ ૧૫૦ યુનિટી માર્ચ' પદયાત્રાને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પદયાત્રા શહેરના વાલક પાટીયા, લસકાણાથી ડાયમંડ નગર પોલીસ ચોકી ખાતે પૂર્ણ થઈ હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી એવા સરદાર સાહેબના એકતાના વિચારો જનજન સુધી પહોંચાડવાના માટે સમગ્ર રાજયમાં પદયાત્રા યોજાઈ રહી છે. અનેક સમરસ સમાજનું નિર્માણ થાય તે માટે યુનિટી માર્ચના માધ્યમથી તમામ વર્ગોને સાંકળી રાજયભરમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબની સ્મૃતિ ચિરંજીવ રહે તે માટે નર્મદા જિલ્લાના એકતાનગર- કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કરાયું છે. સરદાર એટલે સમરસતા, પ્રમાણિકતાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ, સમર્પણ અને રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે કાર્ય કરનારા મહાપુરૂષ હતા. મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે રાષ્ટ્રીય એકતાનો વારસો આપ્યો છે. જેને આપણે સૌએ સાથે મળીને આગળ વધારવાનો છે. આપણે સૌથી મોટી લોકશાહીનું ગૌરવ લઈએ છીએ તેના મૂળમાં સરદાર પટેલે એકસૂત્રમાં પરોવેલા તમામ રજવાડાઓનો રાષ્ટ્રીય એકતાનો વારસો છે. સરદારની દૂરંદેશી અને અથાગ પ્રયાસના કારણે ભારત અખંડ રાષ્ટ્ર તરીકે ઉભર્યું છે ત્યારે સરદાર સાહેબના યોગદાનને પ્રત્યેક ભારતવાસી પ્રેરણા લે, તેમના આદર્શ સિદ્ધાંતો અને સદ્ગુણોને જનજન સુધી પહોંચાડવા માટે સૌને અનુરોધ કર્યો હતો. પદયાત્રા બાદ ઉપસ્થિત સૌએ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી આત્મનિર્ભર ભારત નિર્માણના શપથ લીધા હતા. આ પ્રસંગે તા. પંચાયત પ્રમુખ, કોર્પોરેટર સર્વ શ્રી વિપુલ મોવલીયા, ઋતાબેન, સ્વાતિબેન, દર્શિનીબેન કોઠીયા, પ્રાંત અધિકારી વી.કે.પીપળીયા, મામલતદાર, અગ્રણી ગૌરવભાઈ, શૈલેષ ઈટાલીયા, પાલિકાના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પી.પી. સવાણી ગ્રુપનો કોયલડી લગ્ન પ્રસંગ અંતર્ગત કરિયાવર વિતરણ




પી.પી. સવાણી ગ્રુપ તમામ ધર્મ-જ્ઞાતિની પિતા વિહોણી ૧૩૩ વ્હાલી દીકરીને પરણાવી સાસરે વળાવતો ભવ્ય પ્રસંગ 'કોયલડી' ૨૦ અને ૨૨ ડિસેમ્બરે યોજાશે. ૧૬ નવેમ્બરના રોજ દીકરીઓને પિતાની પૂંફ પુરી પાડનાર લાગણી રૂપી ભેટ એટલે 'કરિયાવર' જેનું વિતરણ રાખવામાં આવ્યું હતું. વલ્લભભાઈ સવાણી, મહેશ સવાણી સહિતના મહાનુભાવોની હાજરીમાં પ્રસંગ યોજાયો હતો.



ગુજરાત થિઓસોફિકલ સોસાયટીની યોજાયેલી કાઉન્સિલ સભામાં પ્રમુખ તરીકે નરસિંહભાઈ ઠાકરિયાની પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

# રોટરી ક્લબ દ્વારા કૃત્રિમ અંગ પ્રત્યારોપણ માપ શિબિર યોજાઈ

## ૧૫૦થી વધુ દિવ્યાંગોના અંગોનું માપ લેવાયું




સુરત, તા.૧૭

દિવ્યાંગો પોતાનું જીવન સરળતાથી વ્યતિક કરી શકે એ હેતુસર રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર , મહાવીર લીમ્બ સેન્ટર હુબલી તથા ઓએનજીસીના અંકલેશ્વરના સંયુક્ત ઉપક્રમે કૃત્રિમ અંગ પ્રત્યારોપણ માપ શિબિર કોમ્યુનિટી સેન્ટર ઓએનજીસી અંકલેશ્વર ખાતે યોજવામાં આવ્યો. જેમાં પ્રેસિડન્ટ પંકજ ભરવાડા, સેક્રેટરી વિપીન નાયર, ઓએનજીસી જીજીએમસી રાજેશકુમાર, એ આઈ એ પ્રેસિડન્ટ વિમલ જેઠવા, કે જોશેફ, પ્રોજેક્ટ છે ડો. વિશાલ મોદી, પ્રો મેન્ટર સુરેશ નહાર, દાતાશ્રી રાજેશ કાલરા ,અંજુ કાલરા, એસ કે આયોડિન ઝઘડિયા ના શ્રી શુભાંકર, ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વરના શ્રી રૂપલ ભરવાડા, શ્રી મનીષ શ્રોફ, ડો. અજીત શાહ, મોહન જોશી, ધર્મેન્દ્ર શાહ, પાસ્ટ પ્રેસિડેન્ટ સુનીલ નેવે, રામચંદ્ર માને, ગજેન્દ્ર પટેલ, જીગ્નેશ પટેલ સહિત રોટેરીયનો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ૧૫૦ થી વધુ દિવ્યાંગો એ રજીસ્ટ્રેશન કરાવી કૃત્રિમ અંગોનું માપ આપ્યું હતું. કાર્યક્રમનો સંચાલન હેતલ પટેલ, ડોક્ટર પ્રણવ બ્રહ્મભટ્ટ સંભાળ્યું હતું.

# અંકલેશ્વર વિધાનસભા મત ક્ષેત્રમાં એકતા દોડ યોજાઈ

અંકલેશ્વર, તા.૧૭

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મદિનની ઉજવણીના ભાગરૂપે અંકલેશ્વરમાં યુનિટી માર્ચ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા એક ભારત- આત્મનિર્ભર ભારત અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આજરોજ અંકલેશ્વર વિધાનસભા મત વિસ્તારની યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર શહેરમાં આવેલ તુલસી સ્ક્વેર ખાતેથી આગેવાનોના હસ્તે લીલી ઝંડી બતાવી યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે રાજયના પાણી



પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચ જિલ્લા ભાજપના પ્રમુખ પ્રકાશ મોદી, અંકલેશ્વર નગર સેવાસદનના પ્રમુખ લલિતા રાજપુરોહિત, કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ,પ્રાંત અધિકારી ભવદીપસિંહ જાડેજા, મામલતદાર કે. એમ. રાજપુત, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કણા સહિતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. પુનગામ સ્થિત લાખા હનુમાનજી મંદિર સુધી યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.આ માર્ચ દરમિયાન એકતા અંગેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.



# ચર્ચાપત્ર સંગ્રહ 'કલમનું તેજ'નું લોકાર્પણ કરાયું

સુરત, તા.૧૭

સુરત તા. ૧૬ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા અબ્બાસ કૌકાવાલાના ચર્ચાપત્ર સંગ્રહ 'કલમનું તેજ'નું લોકાર્પણ કરવાનો સમારોહ યોજાયો હતો, જેમાં ગુજરાતના વિવિધ અખબારોમાં પ્રગટ થયેલાં અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલાના સો ચર્ચાપત્રોનો સંગ્રહ પ્રકાશિત થયો છે. આ પ્રસંગે રાષ્ટ્રીય કલા કેન્દ્રના પ્રમુખ રૂપીન પચ્ચીગર, મહામંત્રી ભરત ભાવસાર, પત્રકાર નરેશ કાપડીઆ અને એકતા ટ્રસ્ટના યુસુફભાઈ બારડે પ્રાસંગિક વિધિઓ કરી હતી.

# આરએમપીએસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળ દિવસની ઉજવણી

## નૃત્ય, સમુહગાન તથા કરાટેના કરતબો પણ રજૂ કરાયા

અંકલેશ્વર, તા.૧૭

આજનો આ બાળદિવસ અને રમતોત્સવ આનંદ, હાસ્ય,જોશ અને વિવિધ પ્રવૃત્તિથી ભરેલો હતો.ઉજવણીની શરૂઆત તમામ મહાનુભાવોના ઉષ્માભર્યા સ્વાગત સાથે કરવામાં આવી હતી. વાતાવરણ ઈલેક્ટ્રિક હતું કારણ કે આજરોજ શિક્ષકોએ સ્ટેજનું નેતૃત્વ હાથમાં લીધું હતું. શિક્ષકોએ મનમોહક સમૂહગીત, મંત્રમુગ્ધ જૂથ નૃત્ય, કરાટેના વિવિધ કરતબો, નૃત્યની વિવિધતા સાથે વિશેષ પ્રદર્શનનો જાદુ ચાલુ રાખ્યો હતો. નિયામક અને પ્રિન્સિપાલે સભાને સંબોધતા બાળપણના મહત્વ અને યુવા મનને ઘડવામાં શિક્ષણની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ટ્રસ્ટી શ્રીમહાવીર જૈને બાળ દિવસના મહત્વ અને સર્વગ્રાહી શિક્ષણ પ્રદાન કરવાની શાળાની પ્રતિબદ્ધતા અંગે તેમના વિચારો રજૂ કર્યા . બીજા તબક્કામાં રમતોત્સવ ઉજવણીના



આજના અમારા મુખ્ય મહેમાન હતા રાજનસિંહ ગોહિલ જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી, પ્રતિષ્ઠિત મહેમાન પૂજા ચોકસી સ્પેશિયલ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાના ગોલ્ડ મેડલિસ્ટ, ખાસ આમંત્રિત મહેમાનશ્રી યાસુહિરો માત્સુઝાકા વિઠ્ઠલ કેસ્ટર પોલિઓલ્સ પ્રાઈવેટ લિમિટેડના માલિક મિત્સુઈ કેમિકલ (જાપાન) મહેમાનશ્રીનું સ્વાગત સ્કોટ સાથે કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી શ્રીરાકેશ જૈન,શ્રીમહાવીર જૈન, શ્રી સચિન જૈન, શાળાના ડાયરેક્ટર અને આચાર્યશ્રી મેલરોય મેકડોનાલ્ડ, ઓપરેશન હેડશ્રી દર્શન જૈન, ફ્લાંઈગ કિડ્સ ના પ્રિન્સિપાલ શ્રી અર્ચના નેગી પટેલની ઉપસ્થિતિમાં મસાલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.[illegible] પરેડ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ અદભુત ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આજનો આ ઉત્સવ શિક્ષકો અને વિદ્યાર્થીઓના સમન્વય સાથે ભરપૂર સક્રિયતા, સહકાર અને સમર્પણની ભાવના સાથે પૂર્ણ થયો હતો.

### બાંગ્લાદેશમાં

પહેલા પાનાનું ચાલુ

શેખ હસીના સામે કયાં કેસ? જન્મટીપ કે મૃત્યુદંડ થઈ શકે શેખ હસીના બાંગ્લાદેશ છોડીને ભારત આવી ગયા બાદ યુનુસ સરકારે તેમની સામે માનવતા વિરૂદ્ધના ગુના-હિંસાના કેસ દાખલ કર્યા હતા અને તેમાં મૃત્યુદંડની સજાની માંગણી કરી હતી. માનવતા વિરૂદ્ધનાં ગુના-કૃત્યોના માસ્ટર માઈન્ડ સુત્રધાર તરીકે શેખ હસીનાને દર્શાવાયા હતા. તેમનાં સિવાય મુખ્ય પોલીસ વડા ચૌધરી અબ્દુલ્લા સામે પણ ગંભીર આરોપ મુકયા હતા જોકે તેઓ પછી આ કેસમાં તાજના સાક્ષી બની ગયા હતા. તેઓ એકમાત્ર આરોપી છે. જેઓએ રૂબરૂમાં ટ્રાયલનો સામનો કર્યો છે. શેખ હસીનાએ જ ઓડીયો મેસેજથી આંદોલન માટે ઉશ્કેર્યા ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સાથેના કેસમાં ચુકાદા પૂર્વે જ તેઓએ ઓડીયો મેસેજ રીલીઝ કરીને સમર્થકોને આંદોલન કરવા માટે આહવાન કર્યું હતું. જેને પગલે અવામી લીગનાં સમર્થકો દ્વારા બાંગ્લાદેશ બંધનુ એલાન જાહેર કર્યુ તે દરમ્યાન હિંસા ફાટી નીકળી હતી. સમગ્ર દેશમાં હાઈએલર્ટની ઘોષણા કરવામાં આવી હતી. શેખ હસીનાએ ઓડીયો મેસેજમાં એમ કહ્યું કે ડરવાની કોઈ જરૂર નથી કારણ કે હું જીવીત જ છું અને લોકો માટે લડત ચાલુ રાખીશ. મારી સામેનાં આરોપ-કેસ ખોટા અને ગેરકાયદે છે.

### અલ ફતાહ

પહેલા પાનાનું ચાલુ

આંતરિક સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે, તેમજ મહિલાઓ અને બાળકો સાથે સંકળાયેલા બળાત્કારના કેસોના ઝડપી નિરાકરણના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે.

દિલ્હી પોલીસે ફરીદાબાદ આતંકવાદી મોડ્યૂલ અને બનાવટી દસ્તાવેજોની તપાસના ભાગ રૂપે અલ ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જાવેદ અહેમદ સિદ્દીકીને બે સમન્સ જાહેર કર્યા છે. અધિકારીઓના મતે, સિદ્દીકીના નિવેદનને આવશ્યક માનવામાં આવે છે કારણ કે તે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અને તેના આનુષંગિકો વિશેના ઘણા મુખ્ય પ્રશ્નોના જવાબો આપી શકે છે.

ક્રાઈમ બ્રાન્ચે હરિયાણા સ્થિત યુનિવર્સિટી સામે છેતરપિંડી અને બનાવટીના બે કેસ નોંધ્યા છે. શનિવારે યુજીસી અને એનએએસી દ્વારા ઉઠાવવામાં આવેલા ગંભીર પ્રશ્નો બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. બંને સંસ્થાઓએ યુનિવર્સિટીના માન્યતા દસ્તાવેજોમાં "મોટી ગેરરીતિઓ" શોધી કાઢી હતી અને કાયદા અમલીકરણ એજન્સીઓને તેમના અહેવાલો સુપરત કર્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, તપાસનો એક ભાગ લાલ કિલ્લા પાસે તાજેતરમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટ સાથે પણ જોડાયેલો છે. કેટલાક શંકાસ્પદોના યુનિવર્સિટી સાથે જોડાણ હોવાના કારણે પોલીસ વહીવટી રેકોર્ડ, નાણાકીય વ્યવહારો અને પરવાનગીઓની પણ તપાસ કરી રહી છે.

### ઉચકતા

પહેલા પાનાનું ચાલુ

નિફ્ટીએ સપોર્ટ ઝોનની આસપાસ રિકવરી દર્શાવી છે, જે ૨૫,૮૦૦ અને ૨૫,૭૦૦ ની વચ્ચે છે. પ્રતિકાર સ્તર ૨૬,૦૦૦ અને ૨૬,૧૦૦ ની વચ્ચે છે. જો નિફ્ટી ૨૬,૧૦૦ ને પાર કરે છે, તો તે ૨૬,૨૫૦ અને ૨૬,૪૦૦ ની તરફ આગળ વધી શકે છે.

વૈશ્વિક બજારો મિશ્ર કારોબાર કરી રહ્યા છે. ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ લાલ રંગમાં હતા. બેંગકોક, સિઓલ અને જકાર્તા લીલા રંગમાં હતા. શુક્રવારે યુએસ બજારો સપાટ બંધ થયા. કાચા તેલના ભાવ નરમ રહ્યા. WTI ક્રૂડ તેલ ૦.૯૦ ટકા ઘટીને ઈ૫૯ પ્રતિ બેરલ પર હતું, અને બ્રેન્ટ ક્રૂડ તેલ ૦.૮૪ ટકા ઘટીને ઈ૬૩ પ્રતિ બેરલ પર હતું.

### ગુજરાતમાં

પહેલા પાનાનું ચાલુ

લઘુતમ ૧૧-૪ ડીગ્રી નોંધાયું હતું. જયારે ગીરકાંઠાના ધારી ગામે ૧૪ ડીગ્રી નોંધાયું છે. હજુ તો ઠંડીની શરૂઆત થવા જઈ રહી છે. ત્યારે ચાલું શિયાળાનો અસલી રંગ હવે પછી જોવા મળશે.

આ ઉપરાંત આજે જામનગર અને ડિસામાં ૧૩ તથા વડોદરા- ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી અને રાજકોટ તથા પોરબંદર શહેરમાં ૧૪ ડિગ્રી સાથે તિવ્ર ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. તથા અમદાવાદમાં ૧૪.૮, ભાવનગરમાં ૧૫.૯, ભુજમાં ૧૫.૨, દમણમાં ૧૮.૨, દિવમાં ૧૫.૬, દ્વારકામાં ૧૯.૫, કંડલામાં ૧૬.૧, સુરતમાં ૧૯.૪ અને વેરાવળમાં ૧૯.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉપરાંત જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ડિગ્રીએ પારો ગગડતા તાપમાન ૧૩.૫ ડિગ્રીએ પહોંચતા ઠંડીમાં પણ વધારો થયો છે.શહેરીજનો ગરમ વસ્ત્રો અને તાપણાનો સહારો શરૂ કરી દીધો હતો. સુસવાટા મારતા ૪.૬ કિમિ ઝડપે પવન ફૂંકાતા શિયાળામાં પ્રથમવાર આકરી ઠંડીએ મિજાજ બતાવવાનો પ્રારંભ કરી દીધો હતો. હવામાન વિભાગમાંથી મળતી વિગત મુજબ જામનગરમાં ઠંડીનો ધીમે ધીમે વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ચાર દિવસ તાપમાન સ્થિર થયા બાદ લઘુત્તમ તાપમાનનો પારો અડધો ડિગ્રી ગગળ્યો છે. જેથી લઘુત્તમ તાપમાનો પારો ૧૩.૫ ડિગ્રી નોંધાયો છે. તો મહત્તમ તાપમાનનો પારો ૩૦.૮ ડિગ્રી રહ્યું છે. તો ભેજનું પ્રમાણ ૫૫ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાકના ૪.૬ કિલો મીટરની રહેવા પામી હતી. જેથી ઠંડી ચારેક દિવસ સુધી સ્થિર રહ્યા બાદ રાત્રિના ઠંડીનો ચમકારો વધી ગયો છે અને વહેલી સવાર સુધી ઠંડીનું સામ્રરાજ્ય રહે છે. સુર્યનારાયણ પ્રગટ થતાં ઠંડીમાં ઘટાડો થવા પામે છે. જેથી દિવસ દરમિયાન ઠંડીનો ઓછી અનુભવાઈ છે. પરંતુ રાત્રિના અને વહેલી સવારમાં ઠંડી વધુ રહે છે. તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠંડી ચમકારો રહે છે.

### વિદેશમંત્રી

પહેલા પાનાનું ચાલુ

BRICS, સંયુક્ત રાષ્ટ્ર અને ૪૨૦ માં સહયોગ સહિત મુખ્ય આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

અગાઉ, ભારતના વિદેશ મંત્રીએ ૧૯-૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન રશિયાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, તેમણે ભારત-રશિયા આંતર- સરકારી આયોગ વેપાર, આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહકાર (IRIGC-TEC) ના ૨૬મા સત્રની સહ-અધ્યક્ષતા કરી હતી.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. વધુમાં, એસ. જયશંકરે રશિયાના પ્રથમ નાયબ વડા પ્રધાન ડેનિસ મન્ટુરોવ અને વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ સાથે મુલાકાત કરી હતી. તેમણે અગ્રણી વિદ્વાનો અને થિંક ટેન્ક સાથે પણ વાતચીત કરી હતી.

વધુમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વિપક્ષીય કાર્યસૂચિ પર પ્રગતિની સમીક્ષા કરવા માટે ઓક્ટોબરમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી. વાતચીત દરમિયાન, પીએમ મોદીએ રશિયન રાષ્ટ્રપતિ પુતિનને જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને વ્યૂહાત્મક સહયોગને મજબૂત બનાવવા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ડિસેમ્બરમાં ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયન નેતાનું ભારતમાં સ્વાગત કરવા આતુર છે.બંને નેતાઓ સપ્ટેમ્બરમાં તિયાનજિનમાં જીઝ્ર સમિટ દરમિયાન પણ મળ્યા હતા, જ્યાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ હાજર હતા. ત્રણેય શક્તિઓના આ ભવ્ય મેળાવડાને સમગ્ર વિશ્વએ નજીકથી જોયો હતો.SCO સમિટમાં, ભારત અને રશિયાના નેતાઓએ યુક્રેનની પરિસ્થિતિ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસની ચર્ચા કરી અને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. રાષ્ટ્રપતિ પુતિને અગાઉ ૨૦૨૧માં ભારતની મુલાકાત લીધી હતી.

### ભોપાલ

પહેલા પાનાનું ચાલુ

કેન્દ્રે સોમવારે ચાર જિલ્લાઓમાં ઠંડીનું યલો એલર્ટ જારી કર્યું હતું. રવિવારે, સીકર, ચુરુ અને ઝુનઝુનુ (શેખાવતી પટ્ટો), તેમજ નાગૌર, જોધપુર, અજમેર, ચિત્તોડગઢ અને ઉદયપુરની આસપાસના વિસ્તારોમાં ઠંડીની અસર જોવા મળી હતી. સવાર અને સાંજના ઠંડા પવનોએ લોકોને ધ્રુજાવી દીધા હતા.

### મુખ્યમંત્રી

પહેલા પાનાનું ચાલુ

ચૂંટવામાં આવશે. આ મંગળવારે થશે.ત્યારબાદ નીતિશ કુમાર સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. ત્યારબાદ તેઓ નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ તેઓ ૧૦મી વખત પદના શપથ લેશે, જે એક રેકોર્ડ છે.

### સરદાર પટેલની

પેજ-૨ પાનાનું ચાલુ

પટેલ, કોર્પોરેટરો, વોર્ડ પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ, NCC, NSS, માય ભારત વોલન્ટીયર્સ, પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનો, રમતવીરો, પ્રબુદ્ધ નાગરિકો, કામદારો, સામાજિક સંસ્થાઓ તેમજ વિશાળ સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને . દેશપ્રેમના રંગે રંગાયા હતા.

### નાયબ કાર્યપાલક

પેજ-૨ પાનાનું ચાલુ

ભુરિયા સાહેબ ને શાલ, સ્મૃતિ ભેટ શ્રી કે. કે. પટેલ સાહેબ દ્વારા સન્માન કરી વય નિવૃત્તિ ની શુભેચ્છા પાઠવી હતી.. કાર્યક્રમ માં શ્રી વાય. એલ. ભુરિયા સાહેબ ના પિતાજી લાલજીભાઈ તથા પરિવારજનો નું સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું. તમામ હાજર કર્મચારી શ્રી વાય. એલ. ભુરિયા સાહેબને સન્માન કરીને તેમને તંદુરસ્તી ,આરોગ્ય ખુબ જ સારું રહે. સેવાકીય પ્રવૃત્તિ ઓ તેમજ સરકાર અને સંગઠન ના વિશાળ અનુભવ નો લાભ ગામ રાજ્ય અને રાષ્ટ્ર ને સદાય મળતો રહે એવી શુભેચ્છા પાઠવી હતી.

### ૧૨ ગામોની

પેજ-૨ પાનાનું ચાલુ

અભ્યાસ કરાવવા અનુરોધ કર્યો હતો. સદર કાર્યક્રમમાં ઓલપાડ ભાજપ પ્રમુખ કુલદીપસિંહ ઠાકોર, મહામંત્રી સુનિલભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ ભારતીબેન રાઠોડ, જિલ્લા પંચાયત સદસ્ય કરિશ્માબેન રાઠોડ, સીતાબેન રાઠોડ, અશોકભાઈ રાઠોડ, મીનાબેન રાઠોડ, કરસનભાઈ ઢોડિયા, ઓલપાડ તાલુકા પંચાયત ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, ન્યાય સમિતિનાં અધ્યક્ષ લાલુભાઈ પાઠક, શાસક પક્ષનાં નેતા જિજ્ઞેશભાઈ પટેલ, દંડક કિશોરભાઈ રાઠોડ સહિત વિવિધ ગામોનાં સરપંચો, પ્રાથમિક શાળાનાં આચાર્યો, શિક્ષક ભાઈ- બહેનો ઉપરાંત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક ગામનાં સરપંચ જયેશભાઈ પટેલ સહિત કરંજ કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓનાં શિક્ષક ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. એમ પ્રચાર- પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### પત્ની

પહેલા પાનાનું ચાલુ

પત્ની નયનાબેન કતારગામની પારસ સોસાયટી ખાતે સંતાનો સાથે રહેતા હતા અને વેકેશન હોવાથી ગઈ તા.૨૪ ઓક્ટોબરના રોજ સંતાનો સાથે ભાવનગર ગયા હતા.

ઘરકંકાશ મુખ્ય કારણ છે, આરોપી શૈલેષ ખાંભાની ધરપકડ બાદ આગળની કાર્યવાહી ચાલુ છે : નિતેશ પાંડે (ભાવનગર, એસ.પી)

ભાવનગર પોલીસ વિભાગના સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ નિતેશ પાંડેએ જણાવ્યુંહતુંકે, આ ચકચારીત ઘટનામાં ઘરકંકાશ મુખ્ય કારણ છે. શૈલેષ ખાંભલાની ધરપકડ કરી લેવાઈ છે. રિમાન્ડ સહિતની આગળની કાર્યવાહી કરવામાં આવશે. હત્યામાં બીજુ કોઈ સંડોવાયેલું છે કે નહીં તે સહિત અલગ- અલગ પાસાઓથી તપાસ કરવામાં આવશે.


### -: ટેન્ડર નોટીસ :-

આથી શ્રી સુરત સમસ્ત સોરઠીયા રોહિદાસ જ્ઞાતિ પંચ, સુરત શહેર (રજી. નં.એ/૨૨૭૫), ઠેકાણું : પ્લોટ નં.૧૫૧, ૧૫૨ તથા ૫૨૦ થી ૫૨૩ તથા ૫૨૬ થી ૫૩૧, રહેમત નગર સોસાયટી, નાની બહુચરાજી મંદિર પાસે, વેડરોડ, સુરત-૪ દ્વારા ઉપરોક્ત સ્થળે શ્રી સુરત સમસ્ત સોરઠીયા રોહિદાસ જ્ઞાતિ પંચ, સુરત શહેર (રજી. નં.એ/૨૨૭૫) જ્ઞાતિનું ''સંત શિરોમણી શ્રી રોહિદાસ ભવન'' નામથી સમાજની વાડીનું બાંધકામ કરવા માટે સુરત શહેર તથા તેની આજુબાના વિસ્તારના પ્રતિષ્ઠિત કોન્ટ્રાક્ટરો અને ડેવલોપર અને આર્કીટેક્ટ એન્જીનીયરો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. કામને લગતી વિગતો તથા જરૂરી ફોર્મ તથા માહિતી ટ્રસ્ટ ઓફિસના સ્થળેથી ઓફીસ સમય દરમ્યાન મેળવી શકશો. ફોર્મ (ટેન્ડર)જરૂરી અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) સાથે ટ્રસ્ટની ઓફિસના સરનામે તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી સબમિટ કરવાના રહેશે. ટ્રસ્ટ કોઈપણ કારણ આપ્યા વિના બધા ટેન્ડર સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

ટ્રસ્ટીશ્રીઓના આદેશથી,
શ્રી સુરત સમસ્ત સોરઠીયા રોહિદાસ જ્ઞાતિ પંચ, સુરત શહેર (રજી. નં.અ./૨૨૭૫)

સ્થળ : સુરત.
તા.૧૭/૧૧/૨૦૨૫


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૧૭ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પત્ની-બે સંતાનોને મારીને દાટી દેનાર એસીએફ શૈલેષ ખાંભલાની કતારગામના ઘરેથી પોલીસ ધરપકડ

## ઘર કંકાસમાં હત્યા, આરોપીને બપોર બાદ ભાવનગર પોલીસ કોર્ટમાં રજૂ કરશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

ભાવનગરના ફોરેસ્ટ ઓફીસરની કોલોની નજીકથી તેની પત્ની અને બે સંતાનોનાં દાટી દીધેલા મૃતદેહ મળી આવવાની ચકચારીત ઘટનામાં શંકાનો સોંય ફોરેસ્ટ ઓફીસર પર જ ટંકાયેલી હતી ત્યારે ગઈકાલે ભાવનગર પોલીસે તેને અટકાયતમાં લેતા તેણે હત્યા કરી હોવાની કબુલાત કરી લીધી હતી. ઘરકંકાશને કારણે પત્ની અને બે સંતાનોને મોતને ઘાટ ઉતારી દાટી દેવાયા હતા. આ અંગે ભાવનગર એસપી નિતીશ પાંડેએ જણાવ્યું હતું કે, નાયબ વન સંરક્ષણ અધિકારી શૈલેષ ખાંભલાની પોલીસે કડકાઈ પુર્વક પુછપરછ કરતા તેણે આ હત્યાની કબુલાત કરી લેતા તેની ધરપકડ કરી લેવામાં આવી છે. સંભવત આજે બપોર બાદ તેને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરાશે અને વિવિધ પાસાની તપાસ કરાશે. હત્યામાં અન્ય કોઈ સામેલ હતું કે કેમ અને ઘરકંકાશમાં આ હત્યા થઈ છે તો તે ક્યા કારણો હતા તે સહિતના મુદ્દે પોલીસ રિમાન્ડની માંગણી કરશે.

ભાવનગરમાં તળાજા રોડ પર ફોરેસ્ટ કોલોનીમાંથી સુરત કતારગામ પારસ સોસાયટી ખાતે આવવા નિકળેલા ફોરેસ્ટ ઓફીસર શૈલેષ ખાંભલાએ તેની પત્ની નયના ઉ.વ.૪૦, પુત્રી પૃથ્થા અને ૯ વર્ષિય પુત્ર ભવ્ય ગુમ થયા હોવાની જાણ કરી હતી. બીજી તરફ અઠવાડીયા બાદ આ ગુમ થયેલા ત્રણેય જણાની કોલોનીમાંથી દફનાવેલા મૃતદેહ મળી આવ્યા હતા. દુર્ગંધ આવવા લાગતા કોલોનીનાં લોકોએ પોલીસને જાણ કરી હતી. દરમિયાન કોહવાયેલી હાલતમાં ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. નયનાબેનનો મોબાઈલ ફોન પણ ફોરેસ્ટ કોલોનીમાંથી મળી આવ્યો હોય પોલીસને નાયબ વન સંરક્ષણ અધિકારી શૈલેષ ખાંભલા પર પહેલાથી જ શંકા હતી. બીજી તરફ મૃતક નયનાબેનના પરિવારે આક્ષેપો પણ કર્યા હતા. ઘરકંકાશ ચાલી રહ્યો હોય આ હત્યા કરી દેવાઈ હોવાના આક્ષેપોને પગલે પોલીસે કડકાઈપુર્વક શૈલેષ ખાંભલાની પુછપરછ કરતા તેણે હત્યાની કબુલાત કરી હતી.

અનુસંધાન પાના ૭ પર




**સશક્ત નારી સશક્ત દેશ : અઠવાલાઈન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે અપમૃત્યુ નિવારણ સહાય (એ.એનઆઈ.એસ) દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા માર્શલ ડો. પદ્માવતી બંદોપાધ્યાય, મેયર દક્ષેશ માવાણી, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.**

# મોરા ભાગળ શારદાનગરમાં દેવી પુજકો બાખડયાં, વચ્ચે પડનારની ઘાતકી હત્યા

## ચાર જણાં સામે રાંદેર પોલીસે કાર્યવાહી કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

મોરાભાગળ શારદાનગરમાં રહેતી પહેલી પત્નીના ઘર નજીક ગયેલા ૨૬ વર્ષિય ટ્રક ડ્રાઈવર પર પત્ની સહિત ૪ જણાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ ઝઘડામાં વચ્ચે પડેલા ડ્રાઈવરના મિત્રને પણ ચપ્પુના ઉપરા છાપરી ઘા મારી દેવાતા તે ઢળી પડ્યો હતો. હત્યાની જાણ રાંદેર પોલીસને થતા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી આ મામલે ગુનો નોંધ્યો હતો.

રાંદેર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સિંગણપોર ગામ વણજારા વાસ પાસે ટેકરા ફળીયામાં રામાભાઈના મકાનમાં રહેતા દિનશ



ધનસુખ રાઠોડ ઉ.વ.૨૬ ટ્રક ડ્રાઈવર છે. તેની પ્રથમ પત્ની મોરા ભાગળ શારદાનગર-૨માં ઘર નં.૧૨૩૨માં રહેતા દરમિયાન ગઈકાલે રાત્રે ૮ વાગ્યાની આસપાસ દિનેશ તેના મિત્ર અજય પ્રવિણ દેવીપીજુક સાથે શારદાનગર ખાતે ગયો હતો. જ્યાં દિનેશની પહેલી પત્ની પુજા એ દિનેશ સાથે ઝઘડો કર્યો હતો. દરમિયાન અહીં હાજર અજીત વસંતભાઈ રાઠોડ, ધર્મેશ બચુભાઈ રાઠોડ તેમજ સુનિલ રાઠોડ પણ વચ્ચે પડ્યા હતા. દરમિયાન પુજા રાઠોડે દિનેશને ચપ્પુના ઘા માર્યા હતા. ઝઘડો છોડાવવા વચ્ચે પડેલા દિનેશના મિત્ર અજય દેવીપુજકને અજીત વસંત રાઠોડે પેટના તેમજ ડાબા હાથના ભાગે ચપ્પુના ઘા મારી દેતા તે ઢળી પડ્યો હતો. તાત્કાલિક સારવાર માટે લાઈફલાઈન હોસ્પિટલ લઈ જવાયેલા અજય દેવીપુજકને મૃત જાહેર કરાયો હતો. આ બનાવની જાણ રાંદેર પોલીસને કરાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ મામલે કુલ ૪ જણા સામે ખુનનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## કરિયાણાની દુકાનમાંથી મીઠું-ચોખાની ચોરી થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, વરાછા એ.કે.રોડ પર એક અનાજ કઠોળની દુકાન આગળ મુકેલી ચોખા અને મીઠાની ૭૦ ગુણી રીક્ષા ચાલક સહિત બે જણા ચોરી કરી ગયા હોવની ફરીયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર કતારગામ ગજેરા સ્કુલની પાસે દત્ત કૃપા સોસાયટીમાં રહેતા મીત મહેશભાઈ અગ્રવાલ ઉ.વ.૨૬ વરાછા એ.કે.રોડ ઉગમ એપાર્ટમેન્ટ સરસ્વતી સ્કુલની સામે અનાજ કઠોળની દુકાન ચલાવે છે. દરમિયાન ગઈ તા.૧૦ નવેમ્બરના રોજ રાત્રિના ૯ કલાકની આસપાસ તેમની દુકાન બંધ હતી અને દુકાન પાસે મીઠા અને ચોખાની ૭૦ ગુણો મુકી હતી તે ચોરી થઈ ગઈ હતી. મીત અગ્રવાલે નોંધાવેલી ફરીયાદમાં દુકાન આગળથી રાત્રિના સમયે કેવાલ માવજી તેજાણી (રહે. રાધાક્રિષ્ણ સોસાયટી, ખોડીયારનગર રોડ, કાપોદ્રા) અને શ્રીનિવાસ પ્રકાશ ગુર્જર (રહે. જલારામ બિલ્ડીંગ, બરોડા પ્રિસ્ટેજ પાસે, વરાછા) ચોરી કરી ગયા હતા.

# ડુમસ હરિઓમ બંગ્લોઝમાં બંગ્લાના સોદાના નામે રૂ. ૨.૨૧ કરોડની ઠગાઈ

## પડોશી સાફ્ટવેર એન્જીનીયરને બંગલા માલિક રાજેન્દ્ર વખારિયા છેતરી ગયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

ડુમસ રોડ ખાતે રહેતા સોફ્ટવેર એન્જીનીયરને ડુમસના હરીઓમ બંગ્લોઝમાં આવેલો એક બંગલો રૂ.૩.૩૧ કરોડમાં વેચવાનું નક્કી કરી બંગલા માલિકે સને ૨૦૨૪થી અત્યાર સુધીના સમયગાળામાં બેંક મારફતે તેમજ રોકડા મળી ૨.૨૧ કરોડ મેળવી લીધા બાદ સોદો કેન્સલ કરી બાકીના રૂપીયા બે દિવસમાં ચુકવી દેવાનું જણાવી સોફ્ટવેર એન્જીનીયરને દસ્તાવેજ નહીં કરી આપી કે લીધેલી રકમ પરત ચુકવી ન હતી. આ મામલે ગઈકાલે મોડી સાંજે ડુમસ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ડુમસ રોડ હરીઓમ બંગ્લોઝમાં રહેતા રીશી રાજેશકુમાર કાપડીયા ઉ.વ.૩૬ સોફ્ટવેર એન્જીનીયર છે. દરમિયાન હરીઓમ આવાસમાં આવેલા ૧૯૫ અને ૧૯૬ નંબરનો બંગલો તેના માલિક રાજેન્દ્રકુમાર માધવલાલ વખારીયાએ વેચાણ કરવો હોય સને ૨૦૨૪માં રાજેન્દ્રકુમાર વખારીયાએ રીશી કાપડીયાને વાત કરી હતી. રીશી કાપડીયા પાડોશી જ હોય અને તેણે બંગલો ખરીદવાની ઈચ્છા દર્શાવતા રાજેન્દ્રકુમાર રૂ.૩.૩૧ કરોડમાં બંગલો આપવાની વાત કરી બાના પેટે ૧.૧૦ કરોડ મેળવી લીધા હતા ત્યારબાદ બંગ્લાનું પઝેશન આપવામાં આવ્યું હતું. આ રકમ મેળવી લીધા બાદ એગ્રીમેન્ટ ઓફ સેલ તેમજ દસ્તાવેજ કરી આપવાની વાત કરીને જીતેન્દ્ર વખારીયાએ રોકડ તેમજ બેંક મારફતે રીશી કાપડીયા પાસેથી ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૨.૨૧ કરોડ મેળવી લીધા હતા.

જયારે દસ્તાવેજ કરવાની તારીખ આવી ત્યારે જ રાજેન્દ્રકુમારે આપણો સોદો કેન્સલ કરવો પડશે તેમ કહી લીધેલી રકમ બે દિવસમાં ચુકવી દેવાનું જણાવી રીશી કાપડીયાને વાયદા આપ્યા હતા. દસ્તાવેજ નહીં કરી આપી તેમજ લીધેલી રકમ પરત નહીં ચુકવી સમય પસાર કરવામાં આવતો હોય અંતે આ બાબતે ગઈકાલે રીશી કાપડીયા દ્વારા ડુમસ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરીયાદ કરવામાં આવી હતી.

# છાપરાભાઠા શાક માર્કેટમાં બેસવા માટે ખંડણી મંગાઈ

## ત્રણ જણાં સામે શાકભાજી વેચનાર મહિલાએ ફરીયાદ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

અમરોલી છાપરાભાઠા રોડ પર શાકભાજી માર્કેટમાં શાકભાજી વેચતી આધેડ મહિલાને શાકભાજી વેચવી હોય તો ૫૦ રૂપીયા આપવા પડશે તેમ કહી ધાક ધમકી આપી ત્રણ રબારી બંધુઓ બળજબરીથી ૧૦૦ રૂપીયા પડાવી ગયા હોવાની ફરીયાદ મહિલાએ અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગરના વતની અને હાલ છાપરાભાઠા અમરોલી રોડ વ્હાઈટ પેલેસમાં રહેતા સીતાબેન હિમ્મતભાઈ મકવાણા ઉ.વ.૬૦ છાપરાભાઠા રોડ સ્ટાર ગેલેક્ષી પટેલ પાર્ક પાસે શાકભાજી વેચે છે. દરમિયાન ત્રણ દિવસ પહેલા સાંજના સમેય છાપરાભાઠા વિસ્તારમાં જ રહેતા અરવિંદ રબારી, કૃણાલ રબારી અને કલ્પેશ રબારીએ સીતાબેનનો અહીં શાકભાજી વેચવા માટે રૂ.૫૦ આપવા પડશે તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી ૧૦૦ રૂપીયા બળજબરીથી કઢાવી લીધા હતા.

# ધારૂકાવાલા કોલેજમાં એક કાર્યક્રમમાં સ્પીચ આપતા મહિલાવક્તા ઢળી પડયાં

## અમદાવાદના કોમ્પ્યુટર એન્જીનીયર જીલ ઠક્કરને કાર્ડિયેક એટેક આવ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

કાપોદ્રા ખાતે ધારૂકાવાલા કોલેજમાં સોફ્ટવેર કંપનીના લાભ માટેની ટેક્નીકલ ઈવેન્ટમાં ૨૪ વર્ષીય લેડી કોમ્પ્યુટર ઈજનેર સ્પીચ આપતા ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિ.માં લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક ઈજનેરને કાર્ડિયાક એટેક આવ્યો હોવાની તબીબો દ્વારા પ્રાથમિક તબક્કે શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

અમદાવાદ ખાતે રાયપુર સ્થિત અકાશેઠની પોળમાં રહેતા જીલ સુરેશ ઠક્કર(ઉ.વ.૨૪) લેડી કોમ્પ્યુટર ઈજનેર હતા. રવિવારે કાપોદ્રા ધારૂકા કોલેજના કેમ્પસમાં (wrod camp)નું આયોજન કરાયું હતું. જેમાં સોફ્ટવેર કંપની સાથે સંકળાયેલા ઈજનેરો, ડેવલોપરો અને વિદ્યાર્થીઓને સોફ્ટવેર કંપનીના લાભ માટે માર્ગદર્શન આપવા માટે આ ટેકનીકલ ઈવેન્ટ રાખવામાં આવી હતી. જેમાં ઈજનેર જીલ ઠક્કરને પણ વક્તા તરીકે બોલાવાયા હતા. ગઈ કાલે સાંજે વક્તા જીલ ઠક્કર આ ઈવેન્ટમાં ઉપસ્થિત લોકોને સંબોધી રહ્યા હતા. ત્યારે તેઓ અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. તાત્કાલિક તેમને મિત્ર રાહુલ જોગરાણી સારવાર માટે ખાનગી હોસ્પિ. લઈ દોડી ગયા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી જીલ ઠક્કરને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

દિવાળીનો પ્રકાશ પ્રત્યેક જીવોમાં રેલાય અને સમગ્ર સૃષ્ટિમાં નવા વર્ષ આખામાં શાંતિ અને સુખનો છાયો બની રહે તેવી મંગળકારી શુભેચ્છાઓ...

શુભ દિપાવલી તેમજ નૂતનવર્ષની શુભેચ્છા સહ...

એક શુભેચ્છક

# બિલ્ડર પાસેથી પાંચ લાખ પડાવવાના કેસમાં એક આરોપીના જામીન નામંજૂર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

અડાજણ વિસ્તારમાં ખાનગી ઓફીસ ધરાવતા વૃદ્ધ બિલ્ડરની ઓફીસમાં પ્રવેશી જઈ ત્યાં કામ કરતી એક યુવતી અને બિલ્ડરનાં ન્યુડ ફોટા વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની તેમજ બળાત્કારના કેસમાં વેપારીને ફસાવી દેવાની ધમકી આપી બળજબરીથી રૂ.૫ લાખ પઢાવવાના પ્રકરણમાં એક આરોપી સ્મિત ઢોલરિયાના જામીન સુરત સેશન્સ કોર્ટે નકારી કાઢ્યા હતા. જેમાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલો કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. મૂળ ફરિયાદી તરફે વકીલ કલ્પેશ દેસાઈ અને મિનેષ ઝવેરીએ પણ સોગંદનામુ રજૂ કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો. મૂળ ફરિયાદી તરફે વકીલ હેમલ ભગત પણ હાજર હતા.

**પશ્ચિમ રેલવે**

**મુંબઈ ડિવિઝનમાં "તમામ વાહનોના પે એન્ડ પાર્ક"નું સંચાલન**

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, પાર્કિંગ સેક્શન, મુંબઈ સેન્ટ્રલ-મુંબઈ ૪૦૦ ૦૦૮

કામ : મુંબઈ ડિવિઝનમાં "તમામ વાહનોના પે એન્ડ પાર્ક"નું સંચાલન

| | |
|---|---|
| હરાજી કેટલોગ નં. BCT-PKG-2526-42 | ઈએમડી : વાર્ષિક બિડ મૂલ્યના ૧૦% |
| ઈ-હરાજીની તારીખ : ૨૮.૧૧.૨૦૨૫ | ઈ-હરાજીનો સમય : ૧૨:૦૦ કલાકે |

| અ.નં. | સ્ટેશન | સ્થળ | ક્ષેત્રફળ (ચો.મી.) | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | ખાંડબારા | દક્ષિણ-પૂર્વ | ૪૦૦ | ૦૩ વર્ષ |
| ૨ | નંદૂરબાર | દક્ષિણ-પશ્ચિમ | ૬૨૪ | ૦૩ વર્ષ |
| ૩ | નવાપુર | દક્ષિણ-પશ્ચિમ | ૪૭૯ | ૦૩ વર્ષ |
| ૪ | ચિંચપાડા | દક્ષિણ-પશ્ચિમ | ૧૯૨ | ૦૩ વર્ષ |

નોંધ : સંભવિત બિડરોને આઈઆરઈપીએસ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-હરાજી લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા જણાવવામાં આવે છે. લોટવાર વિગતો અહીં વર્ણિત કેટલોગ હેઠળ આપવામાં આવેલ છે. 0782

અમને લાઈક કરો : facebook.com/WesternRly | અમને ફોલો કરો : X.com/WesternRly

# ગ્રામ્ય વિસ્તારમાં વાહનની અડફેટ બેનાં અને ટ્રેનની અડફેટ એકનું મોત

## સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના વધતી જાય છે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

સુરત ગ્રામ્ય વિસ્તારમાં વાહનની અડફેટ બેનાં અને ટ્રેનની અડફેટ એકનું મોત થયાની ઘટના સ્થાનિક પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. બારડોલી પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ મોતા ગામ નવુ ફળિયુ બારગાળામા રહેતા મિનેશભાઈ બળવંતભાઈ હળપતિએ આરોપી સેવરોલેટ બીટ નં ય્ત્ન ૧૫ ઝછ ૩૮૩૦ ના ચાલક શિવ પ્રસાદ વિજય કુમાર મોર્યા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીની માતા લીલાબેન બળવંતભાઈ હળપતિને ગાડી એ ટકકર મારી જમણા પગે તેમજ માંથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી ગુનો કર્યા હતોબારડોલી પોલીસના જણાવ્યાં મુજબ સેજવાડ ગામ પાસે ટાટા ટ્રક નં. GJ ૧૬ U ૬૭૪૦ના ડ્રાયવરે પુર ઝડપે ચલાવી મોટર સાયકલ નં.GJ ૧૯ AB ૧૮૦૭ ને અડફેટમાં લઈ હેતલકુમાર કાંતીલાલ દરજી નાઓને માથાના ભાગે કપાળ ઉપર ગંભીર ઈજાઓ પંહોચાડી સ્થળ ઉપર મોત નીપજાવ્યુ હતુ. બનાવ અંગે મુતક ના ભાઈ નિમેષ કાંતીભાઈ દરજી એ ફરિયાદ નોંધાવી હતી.

કામરેજ પોલીસનાં જણાવ્યા મુજબ કોસમાડાગામની સીમમાં આવેલ ગુડસ ટ્રેન લાઈન ઉપરથી ટ્રેન પસાર થતી હોય તે વખતે આ રાજુ ચેનરામ કુમાવત ગુડસ ટ્રેન લાઈનની બાજુમાં ઉદભવ ડિઝાઈન નામની ફેબ્રીકેશનની દુકાનની બાહર ખુલ્લી જગ્યામાં પાટા ઉપર આવી જતા ટ્રેને અડફેટે લેતા ગંભીર ઈજા થવાથી તેઓનું સ્થળ ઉપર જ મુત્યુ થયું હતું.

**तीसवीं पुण्यतिथि पर श्रद्धांजलि**



**स्व. सुखदेव मोहनलाल राठी**

जन्म दि.: ६.१२.१९६०/ स्व. दि. : १७.११.१९९५

आपकी विदाई को आज तीस साल हो गये । जीवन के मध्याहन मे मोक्ष मार्ग ग्रहण किया, आपका शरीर हमारे साथ न होते हुए भी आपका अहसास हर पल हमारे साथ है। आपके बनाए लक्ष्य की और निंरतर बढ रहैं है यही हमारे लिए आपके प्रति सच्ची श्रद्धांजलि है।

प्रभु आपकी दिव्य आत्मा को परम शांति प्रदान करे, ऐसी हम सभी परिवार जनों की प्रार्थना है।

Maakhan Bhog
परिवार
सूरत - बीकानेर - जयमलसर

**પશ્ચિમ રેલવે ઉધના ⇌ બ્રહ્મપુર વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસની ફ્રિક્વન્સી વધારે છે**



| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન | થી અમલ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૧૯૦૨૧ | ઉધના - બ્રહ્મપુર (ત્રિ-સપ્તાહિક) | ૧૯.૧૧.૨૦૨૫ | ૦૭:૧૦ કલાક (રવિ, બુધ અને શુક્ર) | ૧૩:૫૫ કલાક (બીજે દિવસે) |
| ૧૯૦૨૨ | બ્રહ્મપુર - ઉધના (ત્રિ-સપ્તાહિક) | ૨૦.૧૧.૨૦૨૫ | ૨૩:૪૫ કલાક (સોમ, ગુરુ અને શનિ) | ૦૮:૪૫ કલાક (ત્રીજે દિવસે) |

રોકાણો : બારડોલી, વ્યારા, નવાપુર, નંદૂરબાર, દૌંડૈચા, સિંધખેડા, આમલનેર, ધારણગાંવ, જલગાંવ, ભુસાવળ, મલકાપુર, અકોલા, બાડનેરા, વર્ધા, નાગપુર, ગોંદિયા, દૂર્ગ, રાયપુર, મહાસમુંદ, ખૈરાર રોડ, કાંટાબાંજી, તિતલાગઢ, કેસિંગા, મુનિગુડા, રાયગડ, પાર્વતિપુરમ, બોબ્બિલી, વિજયનગરમ્, શ્રીકાકુલમ રોડ અને પલાસા સ્ટેશનો બંને દિશામાં.

સંરચના : સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો

સમય, રોકાણો તથા સંરચના સંબંધિત વિસ્તૃત સમયની માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નં. ૧૯૦૨૧ની વધારેલ ફ્રિક્વન્સી માટેનું બુકિંગ તા. ૧૬.૧૧.૨૦૨૫થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ચાલુ છે. ઉપરોક્ત તમામ ટ્રેનો વિશેષ ભાડે આરક્ષિત ટ્રેનોરૂપે દોડાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly
અમને ફોલો કરો : Instagram/WesternRly

કૃપા કરી તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ઓળખપત્ર સાથે રાખો